**આજનો સુવિચાર**

જે "નથી'' તેની ચિંતા છોડશો, તો જે ''છે'' તેનો આનંદ માણી શકશો !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪૯ જૂનાગઢ તા.૦૬-૦૬-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 149, Junagadh : Date : 06 Jun, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ૯ જૂને મોદી સરકારની શપથવિધિ : આવતીકાલે ભાજપ સંસદીય પક્ષની બેઠક



નવી દિલ્હી તા. ૬ : આગામી તા. ૯ જૂન રવિવારનાં રોજ મોદી સરકાર ૩.૦ની શપથવિધિ થશે તેવું આધારભૂત અહેવાલોમાં જણાવાયું છે તે પહેલા આવતીકાલે શુક્રવારે ભાજપ સંસદીય પક્ષની બેઠક મળશે જેમાં નરેન્દ્ર મોદીને પક્ષનાં વડા તરીકે વરણી કરતો ઠરાવ પસાર કરવામાં આવશે. બીજી તરફ ભાજપનાં સહયોગી પક્ષો તેમણે આપેલા સમર્થનની કિંમત વસુલી રહયા છે. નવી કેબીનેટની રચના પડકાર રૂપ હશે તેવા સંકેતો મળી રહયા છે. આ વખતે લોકસભા ચૂંટણીમાં જનતા જનાર્દન દ્વારા આપવામાં આવેલ નિર્ણય સરકાર બનાવશે અને મજબૂત વિપક્ષ પણ બનાવશે. મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં સતત ત્રીજી વખત એનડીએની સરકાર બનવા જઈ રહી છે, પરંતુ ભારતીય જનતા પાર્ટીનો બહુમતીનો આંકડો ૨૭૨થી ઓછો છે. ભાજપને માત્ર ૨૪૦ સીટો મળી શકી છે.

### ભાજપનાં સહયોગી પક્ષો સમર્થનની કિંમત વસુલી રહયા છે : નવી કેબીનેટની રચના મોદી માટે પડકારરૂપ : વડાપ્રધાન મોદીની નવી ટીમમાં કોણ બનશે મંત્રી - કોને પડતા મુકાશે ? ચર્ચાઓ શરૂ

એનડીએને ૨૯૩ બેઠકો મળી છે. આવી સ્થિતિમાં સત્તાની ચાવી NDAના બે મોટા ભાગીદારો નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુના હાથમાં જ રહેશે. તે જ સમયે, ઈન્ડીયા ગઠબંધનના સાથી રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ જેવા ચહેરા ૨૩૨ બેઠકો સાથે વિપક્ષી બેંચ પર હશે. દરમિયાન, નરેન્દ્ર મોદી સરકાર ૩.૦ માં કોને મંત્રી પદ મળી શકે તે અંગે અટકળો પણ તેજ થઈ ગઈ છે.

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં ૯ જૂનની તારીખ ખૂબ જ ખાસ બનવા જઈ રહી છે. દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ બાદ નરેન્દ્ર મોદી એવા પ્રથમ નેતા હશે જે સતત ત્રીજી વખત વડાપ્રધાન બનશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ચૂંટણીમાં જીતેલા તમામ મંત્રીઓને ફરીથી મંત્રી બનાવવામાં આવી શકે છે. આ ચૂંટણીમાં અમિત શાહ ગાંધીનગર (ગુજરાત), રાજનાથ સિંહ લખનૌ (યુપી), નીતિન ગડકરીએ નાગપુર (મહારાષ્ટ્ર), પીયૂષ ગોયલ મુંબઈ ઉત્તર (મહારાષ્ટ્ર), ગજેન્દ્ર સિંહ શેખાવતે જોધપુર (રાજસ્થાન), ભૂપેન્દ્ર યાદવ અલવર (રાજસ્થાનમાંથી જીત નોંધાવી છે. આવી સ્થિતિમાં તે ફરીથી નરેન્દ્ર મોદીની ટીમમાં જોવા મળી શકે છે. જોકે NDAમાં પોર્ટફોલિયોની વહેંચણી અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

લોકસભામાં ભાજપને બહુમતી નહી મળવાને કારણે નવી કેબિનેટની રચના કરવી પીએમ મોદી માટે પડકારરૂપ છે. સુત્રો જણાવી રહયા છે કે નવી સરકારમાં કેટલાક મંત્રીઓનું પુનરાવર્તન નહીં થાય. જયારે કેટલાક પરાજિત નેતાઓને પણ કેબિનેટમાં સામેલ કરવામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમેઠીથી હારેલી સ્મૃતિ ઈરાનીને ફરી મોદી કેબિનેટમાં સ્થાન મળી શકે છે.

બંધારણીય જોગવાઈ અનુસાર સરકાર મંત્રી પરિષદમાં લોકસભાના કુલ સભ્યોની સંખ્યાના ૧૫ ટકા સુધી મંત્રીઓ હોઈ શકે છે. એટલે કે તેમની ટીમમાં વડાપ્રધાન સિવાય ૭૮ મંત્રીઓ સામેલ થઈ શકે છે.

## સમાન સિવિલ કોડ, એનઆરસી મુદ્દે પીછેહઠ કરવી પડશે : સહયોગી પક્ષો મનમાની કરવા દેશે નહી

નવી દિલ્હી તા. ૬

લોકસભા ચૂંટણીમાં પૂર્ણ બહુમતી સાથે સતત ત્રીજી વખત દેશમાં એનડીએની સરકાર બની છે. આ સરકાર એનડીએની છે, એકલા ભાજપની નથી.જનતાનો જનાદેશ સ્પષ્ટ છે, સૌને સાથે રાખીને ચાલવું, જનતાને પણ મજબૂત વિપક્ષની જરૂર છે અને કોઈ એક પક્ષને જંગી બહુમતી આપવી જોઈએ નહી. તે પ્રચંડ બહુમતી ઘણા નિર્ણયોને ડર્યા વિના લેવા સક્ષમ બનાવતી હતી. આ કારણે જ કલમ ૩૭૦ હટાવવામાં આવી હતી, આ કારણે જ તમામ વિવાદો છતાં ટ્રિપલ તલાક વિરુદ્ધ કાયદો લાવવામાં આવ્યો હતો અને CAA લાગુ કરવામાં આવ્યો હતો. આ વખતે ફરી એ નિર્ણયોના આધારે સરકાર બનાવવાની વાત થઈ હતી. પીએમ મોદી સતત કહેતા હતા કે ત્રીજો કાર્યકાળ મોટા ફેરફારો, મોટા સુધારાનો હશે. તે સુધારાઓમાં એક દેશ, એક ચૂંટણી, સમાન નાગરિક સંહિતા અને અમુક અંશે વસ્તી કાયદો સામેલ હતો.

અમિત શાહે પણ CAA પછી NRC લાગુ કરવાની વાત કરી હતી, તેમણે કહ્યું હતું કે તેને પણ સ્ટેપ બાય સ્ટેપ લાગુ કરવામાં આવશે. પરંતુ હવે તે નિર્ણયો લેવાના છે, પરંતુ તેમને સમર્થન આપવા માટે પ્રચંડ બહુમતી હાજર નથી. આ વખતે મોદી સરકાર નહીં પરંતુ કેન્દ્રમાં એનડીએની સરકાર છે. એક એવી સરકાર જ્યાં પ્રાદેશિક પક્ષો પોતાના માટે મોટા મંત્રાલયોની માંગણી જ નહીં કરે, પરંતુ સરકારની ઘણી યોજનાઓમાં દખલ પણ કરશે.

## શપથવિધિમાં પાંચ દેશોનાં વડાઓને આમંત્રણ

નવી દિલ્હી,તા.૬

ભાજપના નેતૃત્વવાળી એનડીએ લોકસભાની ચૂંટણીમાં ૨૯૨ બેઠકો જીતીને બહુમતીનો આંકડો પાર કર્યો છે ત્યારે સાથી પક્ષોના સહયોગથી નરેન્દ્ર મોદી ત્રીજી વાર ભારતના વડાપ્રધાન પદની કમાન સંભાળશે. એનડીએનો શપથ ગ્રહણ સમારોહ ૯મી જૂને યોજાવા જઈ રહ્યો છે ત્યારે આ સમારોહમાં ઉપસ્થિત રહેવા પડોશી દેશોના નેતાઓને આમંત્રણ અપાઈ ચૂકયા છે. જે મુજબ ૯ જૂને યોજાનાર શપથ ગ્રહણ સમારોહમાં બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના, શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમ સિંઘે, નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ', ભૂતાનના વડાપ્રધાન શેરિંગ તોબો અને મોરેશિયસના વડાપ્રધાન જગન્નાથ પ્રવિંદ જગન્નાથને પણ ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

બિમ્સટેક એક ક્ષેત્રીય સમૂહ છે જેમાં બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનમાર, નેપાળ અને થાઈલેન્ડ શામેલ છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૪માં જયારે પોતાના પ્રથમ કાર્યકાળના શપથ લીધા ત્યારે તત્કાલીન પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ સહિત બધા સાર્ક (દક્ષિણ એશિયાઈ સહયોગ સંગઠન)ના નેતાઓને સમારોહમાં સામેલ થવા આમંત્રણ આપ્યું હતું.

## હાઈકોર્ટે ફરી એકવાર રાજય સરકારને ખખડાવી : નવા અગ્નીકાંડની રાહ જુઓ છો ?




### નાના અધિકારીઓ સામે કાર્યવાહી તો કમિશ્નર સામે કેમ નહી ? અગ્નીકાંડમાં કલમ ૩૦૨ મુજબ કાર્યવાહી કેમ ન થઈ શકે ? શું ચાલે છે તે અમને ખબર છે : હાઈકોર્ટ

અમદાવાદ, તા. ૬

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડની ઘટનામાં સીટનો પ્રાથમિક રીપોર્ટ રજૂ થઈ ગયો છે ત્યારે આજે હાઈકોર્ટમાં સુનાવણી શરૂ થતા જ વડી અદાલતે ફરી આકરૂ વલણ અપનાવ્યું છે. ઘટના બાદ નાના અધિકારીઓ સામે સસ્પેન્શન અને ધરપકડના પગલા લેવાયા છે ત્યારે મ્યુનિ. કમિશ્નર સામે કેમ કલમ ૩૦૨ હેઠળ કાર્યવાહી ન કરાય? જવાબદારો સામે પગલા લેવાના છો કે હજુ આવા અગ્નિકાંડ થાય તેની રાહ જુઓ છો ? તેવો હાઈકોર્ટે સરકારને તીખો સવાલ કર્યો હતો.

આ અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા લોકોની હત્યા થયાનો રોષ પણ ઠાલવવામાં આવ્યો છે. આ કેસમાં કમિશનર સહિતના જવાબદારો સામે શા માટે કલમ ૩૦૨ હેઠળ કાર્યવાહી કરી સસ્પેન્ડના પગલા લેવાયા નથી તેવો સવાલ બદલી પામેલા આનંદ પટેલના નામ સાથે કરવામાં આવ્યો છે.

હાઈકોર્ટે ચાલુ સુનાવણી દરમ્યાન એવું પણ કહ્યું છે કે ગેમ ઝોન શરૂ થયો તે વખતના કમિશ્નરને કેમ સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી? તમે રમત રમો છો અને બીજા કર્મચારીઓ પર ઢોળો છો તેવું કહીને સરકારની ટીકા કરી હતી. ૨૦૨૩માં પણ આગ લાગી હતી પરંતુ ઓથોરીટીએ કંઈ કર્યુ નથી. કમિશ્નરની બદલી પુરતી નથી અને બધા બધુ જાણતા હતા.

રાજય સરકારે એવો જવાબ આપ્યો છે કે કમિશનરને પોસ્ટીંગ વગરનું ટ્રાન્સફર આપવામાં આવ્યું છે. સીટના ફાઈનલ રીપોર્ટની રાહ જોવાઈ રહી છે. આ બાદ પગલા લેવામાં આવશે. સરકારે આનંદ પટેલનું સોગંદનામુ પણ જોયુ હતું. અદાલતે એવું પણ કહ્યું હતું કે તમામ ઓથોરીટી તમારી હેઠળ આવે છે તો તમે સીનીયર અધિકારીઓને જવાબદાર માનો છો? સમયાંતરે ચેકીંગ કરાયું ન હતું અને હવે ૨૭ લોકોના જીવ ગયા બાદ જુના રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂકવામાં આવે છે. અધિકારીઓ સામે હત્યાનો ચાર્જ કેમ ન લાગે તેવું અરજદારે પૂછયું હતું.

હાઈકોર્ટે કહ્યું કે આદેશોનું પાલન થયું નથી. કોર્પો.ના એડવોકેટ મંજૂરી અને આગના કારણો રજૂ કરતા હતા. ટીઆરપીએ ગેરકાયદે બાંધકામ રેગ્યુલર કરવા અરજી પણ કરી હતી. ગેમ ઝોનની રચના વખતે જે કમિશનર હતા તેમની એફીડેવીટ પણ ચકાસવામાં આવી છે. તા. ૨૬ મેના રોજ આગ લાગી તે બાદ તા.૨૭ના રોજ હાઈકોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી.

સરકારે કહ્યું કે ગઈકાલે જ ઉચ્ચ અધિકારીઓની બેઠક મળી હતી. ૨૪ જુન સુધીમાં અંતિમ રીપોર્ટ માંગવામાં આવ્યો છે. તો અદાલતે કહ્યું હતું કે ત્યાં શું ચાલે છે તે બધી અમને જાણ છે.

રાજકોટ અગ્નિકાંડ મામલે સીટના વચગાળાના રિપોર્ટમાં મોટો ખુલાસો થયો છે. સીટે ૧૦ મુદ્દાઓને આધારે રાજ્ય સરકારને પ્રાથમિક અહેવાલ સોંપ્યો છે. પોલીસ, કોર્પોરેશન માર્ગ અને મકાન વિભાગની નિષ્કાળજી રહી છે. લાયસન્સ અને તાલુકા પોલીસની નિષ્કાળજીનો પણ સીટના રિપોર્ટમાં ઉલ્લેખ છે.

ખરાઈ કર્યા વગર લાયસન્સ વિભાગ પરફોર્મન્સ લાયસન્સ આપ્યું હોવાનું પણ સામે આવ્યું છે. ઉપરાંત ટાઉન પ્લાનિંગ વિભાગ અને ફાયરની ગંભીર બેદરકારી સામે આવી છે અને ૩ વર્ષથી ગેમઝોન ચાલતું હોવા છતાં કોઈ પગલાં ન લેવાયાં હોવાનો ઉલ્લેખ પણ છે.

## ગુજરાતમાં આજથી ૭ દિવસ વરસાદની આગાહી : ૧૨ જૂને ચોમાસુ બેસી જશે

અમદાવાદ તા. ૬

હવામાન વિભાગનાં અધિકારીઓને ટાંકતા અહેવાલોમાં જણાવાયું છે કે રાજયમાં આજથી ૭ દિવસ સુધી વરસાદની આગાહી છે અને તા. ૧૨ થી ૧૫ જૂન વચ્ચે ગુજરાતમા નૈઋત્ય ચોમાસુ સક્રિય થઈ જશે. નિયમિત ચોમાસાનાં સુખરૂપ અહેવાલોથી ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

## સુનિતા વિલિયમ્સ અંતરિક્ષ યાત્રાએ રવાના

નવી દિલ્હી તા. ૬

ભારતીય મૂળની નાસા અંતરિક્ષ યાત્રી સુનીતા વિલિયમ્સ છેવટે બુધવારે સાંજે બોઈંગના સ્ટારલાઈનર સ્પેસ ક્રાફ્ટથી અંતરિક્ષ માટે ઉડ્ડાન ભરી છે. તેમણે ત્રીજા લોંચ અટેમ્પ માટે ડિઝાઈનમાં મદદ પણ કરી હતી.

આ અગાઉ અનેક ટેકનિકલ મુશ્કેલીને લીધે ઉડ્ડાનના થોડી મિનિટ અગાઉ લોંચને બે વખત અટકાવવામાં આવ્યું હતું. વિલિયમ્સ તથા તેમના સહયોગી બુચ વિલ્મોર બોઈંગના સ્ટારલાઈનર અંતરિક્ષ યાનમાં ઉડ્ડાનનો પ્રયાસ કરી રહ્યા હતા. હવે અમેરિકી અંતરિક્ષ એજન્સી અસફળતા વચ્ચે સુરક્ષિત ઉડાન સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયત્ન કરી રહ્યા છે

## અજીત પવાર જૂથનાં ૧૮ ધારાસભ્યો ઘરવાપસી કરવા તૈયાર

મુંબઈ તા. ૬

મહારાષ્ટ્રમાં એનસીપીના ૧૮ ધારાસભ્યો કે જેઓ ગત વર્ષે શરદ પવાર જૂથ છોડીને અજિત પવાર જૂથમાં જોડાયા હતા, તેઓ હવે શરદ પવાર સાથે ફરીથી જોડાઈ જવા માગે છે. શરદ પવારના પૌત્ર રોહિત પવારે દાવો કર્યો છે કે ૧૮ થી ૧૯ ધારાસભ્યો પાર્ટીમાં પાછા ફરવામાં રસ ધરાવે છે. તેઓ 'ઘર વાપસી' માટે સંકેતો મોકલી રહ્યા છે. લોકસભાની ચૂંટણી દરમિયાન, અજિત પવારના જૂથે માત્ર એક બેઠક જીતી હતી, જ્યારે શરદ પવાર જૂથ મહારાષ્ટ્રમાં ૧૨ બેઠકો લડી રહ્યા હતા તેમાંથી ૮ બેઠકો જીતવામાં સફળ થયું હતું અને પોતાનો દબદબો કાયમ રાખવામાં સફળ થયા હતા.

## શેર વેચાણ બાદ તુરત જ રૂપિયા ખાતામાં જમા થઈ જશે

નવી દિલ્હી તા. ૬ : માર્કેટ રેગ્યુલેટર સેબીએ બુધવારે ગ્રાહકોના ખાતામાં શેરની સીધી ચુકવણીની પ્રક્રિયાને ફરજિયાત બનાવવાનો નિર્ણય લીધો છે. આ પગલું ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવા અને ગ્રાહકોની સિક્યોરિટીઝ પરનું જોખમ ઘટાડવા માટે લેવામાં આવ્યું છે. સેબીએ એક પરિપત્રમાં જણાવ્યું છે કે આ ૧૪ ઓક્ટોબરથી લાગુ થશે.

**મકાન વેચવાનું છે**

જૂનાગઢમાં ક્રીમ એરીયામાં, માલીવાડા વિસ્તારમાં સલાટવાડામાં, સોની ફળીયામાં ત્રણ માળનું, ૭ રૂમ વાળુ ત્રણ માળનું નવું મકાન સારી કન્ડીશનમાં, પહેલી નજરમાં ગમી જાય તેવું, વ્યાજબી ભાવમાં આપવાનું છે.

સંપર્ક : મો. ૯૬૩૮૯ ૭૪૮૮૬

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૩૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી**

સ્ટોક કલીયર કરવા સબબ
દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ

વાઈટ, એપ્રોન વાઈટ ઝબ્બા
સ્કુલનાં ટીશર્ટ (કોન્વેન્ટ)
૩૦% થી ૪૦% વળતર

પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ
ફકત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

**મધુરમ સ્કુલ**
એડિમશન ઓપન...



પ્રાપ્ત થતી સુવિધાઓ :
- નવા વર્ષથી નવી શિક્ષણની નીતિ
- જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા પધ્ધતિ અને GPSC પરિક્ષાઓની પધ્ધતિથી અપાતુ શિક્ષણ
- તમામ વિષયોમાં અનુભવી શિક્ષકો દ્વારા ડિજીટલ કલાસરૂમમાં અપાતુ શિક્ષણ
- પહેલા ધોરણથી જ વિશાળ કોમ્પ્યુટર લેબમાં અપાતુ શિક્ષણ
- દર અઠવાડિયે લેવાતી વિકલી ટેસ્ટ, બેઝિક ટેસ્ટ, સરપ્રાઈઝ ટેસ્ટ.
- શાળાના સમય સિવાયના સમય એકસ્ટ્રા બેચનું આયોજન કરી નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણનું આયોજન
- ૧ કલાસરૂમમાં ૨ શિક્ષકો દ્વારા અપાતું વ્યક્તિગત નિરક્ષણ
- અનુભવી ૪૦ થી વધારે શિક્ષકો દ્વારા અપાતું શિક્ષણ
- વિજ્ઞાન ક્ષેત્રમાં નવા વર્ષથી સાયન્સ લેબનું આયોજન
- મહિનામાં ૫ અને એક વર્ષમાં ૬૦ થી વધુ પ્રોજેક્ટ અને એક્ટિવીટી
- સી.સી.ટીવી દ્વારા સતત નિરીક્ષણ
- ખુબ જ મર્યાદિત સંખ્યામાં એડમીશન બાકી રહેતા વહેલા તે પહેલાના ધોરણે આપના બાળકનું એડમીશન મેળવી લેવુ.
- આવો આપના બાળકોને મેધાવી - તેજસ્વી - યશસ્વી બનાવીએ.

જુલાય વાડા, જૂનાગઢ.
મો. ૯૭૧૪૫ ૬૩૨૬૮ / ૭૦૧૬૩ ૪૭૧૧૨

Since 1983
**શંખ બ્રાન્ડ મસાલા**
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો




CMYK

# ઉના : એસટીનાં કર્મચારીઓની ઘોરબેદરકારીને કારણે યુવાનની કારર્કિદીનો નુકશાન

## ગાંધીનગર, અમરેલી, ઉના એસટી ડેપોનાં અધિકારીઓ સમક્ષ એસટીનાં કર્મચારીઓ વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવા માંગ

ગીરગઢડા તા. ૬

ગીરગઢડા ગામે રહેતા જાવેદભાઈ રજાકભાઈ બ્લોચએ મનસુખભાઈ એટી ડેપો, ઉના, બસ નં. જીજે ૦૭ વાયઝેડ ૬૬૬૩નાં ડ્રાઈવર તથા કંડકટર વિરૂધ્ધ ગાંધીનગર એસટી નિગમનાં ચેરમેન તેમજ અમરેલી, ઉના એસટી ડેપોનાં અધિકારીઓને ફરીયાદ કરતાં જણાવેલ છે કે મારો પુત્ર આર્યન જે અભ્યાસ કરે છે અને તેનું એડમીશન અમદાવાદ કરવાનું હોય જેથી અમોએ અમદાવાદ જવા માટે દીવ-ગાંધીનગર એસી બસમાં ઉનાથી અમદાવાદ ઓનલાઈન બુકીંગ કરાવેલ અને જે બુક થઈ ગયેલ ત્યારબાદ અમારા મોબાઈલ ઉપર મેસેજ પણ આવી ગયેલ હતો. જેથી અમો ગીરગઢડાથી બસમાં બેસીને ઉના બસ સ્ટેન્ડ પર રાત્રીનાં ૮.૩૦ કલાકે આવી ગયેલ અને અમારી બસ જે નંબર પર આવવાની હતી ત્યાં બેસી બસની રાહ જોતા હતાં અને બસ ડેપોએ આવેલ પુછપરછ ઓફીસ પર કોઈ વ્યકિતઓ હાજર હતા નહીં. આમ રાત્રીનાં ૯.૪૦ કલાક જેવો સમય થઈ જતાં બસ નં. જીજે ૦૭ વાયઝેડ ૬૬૬૩ આવેલ નહી. ત્યારે ફરજ ઉપરનાં અધિકારીએ કહેલ કે તમારી બસ જતી રહેલ છે. અમોએ કહેલ કે આ બસ આવી જ નથી. બાદમાં બસ નં. જીજે-૧૮-વાય ૬૫૯૪ની બસ બદલીને મુકવામાં આવી હતી. પરંતુ અમોને કોઈ મેસેજ આવેલ નહી અને ઉના ડેપોમાં કોઈ એનાઉન્સમેન્ટ પણ થયેલ નહીં. આથી અમારો પુત્ર હેરાન થઈને પરત ગીરગઢડા આવી ગયેલ. અને અમારા પુત્ર આર્યનનું એડમીશન પણ હાલ પેન્ડીંગ છે. અને અમારા ટીકીટનાં રૂપિયા પણ ગયા છે. આમ મારા પુત્રનું ભવિષ્ય પણ જોખમમાં મુકેલ છે. આ ઉપરોકત ત્રણેય વ્યકિતઓની ફરજમાં ગેરરીતીનાં કારણે થયેલ છે. આ ત્રણેય વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી ખાતાકીય તપાસ કરવા માંગણી કરેલ છે. આ અંગે સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવે તેવી પણ માંગણી કરેલ છે.

# જૂનાગઢ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે શનિ મહારાજનાં જન્મ દિવસની ભાવભેર ઉજવણી



જૂનાગઢ તા. ૬

જૂનાગઢ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે શનિ મહારાજનાં જન્મ દિવસની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જૂનાગઢનાં ભવનાથ ક્ષેત્રમાં લંબે હનુમાન સહીતનાં સમગ્ર શહેરનાં હનુમાનજી મંદિર ખાતે આજ સવારથી અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે મહાયજ્ઞ, પૂજા સહીતનાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આજના કપરા કળીયુગનાં સમયમાં માનવ માટે શાંતિપૂર્વક જીવન વ્યતીત કરવું અસંભવ જેવું થઈ ગયું છે. સ્વાર્થની ટકકર એટલી બધી વધી ગઈ છે કે એક જ પરીવારનાં સભ્યો પણ એક છત નીચે શાંતિથી સ્વાર્થ વિહીન જીવન જીવી શકતા નથી. આવા કપરા સમયે શનિદેવની ઉપાસના અનેરૂ પ્રેરકબળ બની રહે છે. ત્યારે ભવનાથ તળેટીમાં આવેલ શનિદેવ મંદિરે તુલસીનાથ બાપુની નિશ્રામાં ભાવુકા અમાસનાં દિવસે શનિદેવનાં જન્મોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે સવારે હેમાદ્રી શ્રવણ સાથે મહાયજ્ઞનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ ગણપતિ, શનિદેવ, સ્થજાપિત દેવો અને અગ્નિદેવનું પૂજન કરવામાં આવેલ હતું. સાંજે ૬ વાગ્યે યજ્ઞની પૂર્ણાહુતી કરવામાં આવશે. એમ કહેવાય છે કે શનિ મહારાજનો જન્મ સૌરાષ્ટ્રમાં થયો હતો. આથી ભાણવડ પાસે હાથલામાં ભવ્યતાથી શનિ જયંતી ઉજવાય છે. આવી જ રીતે સૌરાષ્ટ્રનાં પ્રભાસ તીર્થ, સોમનાથ, કોડીનાર રસ્તે આવેલ શનિ મંદિર ધર્મસભર કાર્યક્રમો યોજાઈ રહયા છે.

# EPCH દુબઈનાં ઈન્ડેક્સ ફેરમાં તેની ઉપસ્થિતિ દર્શાવી ભારતીય પેવેલિયન પ્રીમિયમ ખરીદદારોને આકર્ષી રહ્યું છે




નવી દિલ્હી તા. ૬

૦૪ જૂન, ૨૦૨૪–૦૪થી ૦૬ જૂન દરમિયાન દુબઈ વર્લ્ડ ટ્રેડ સેન્ટર, સંયુક્ત આરબ અમીરાત ખાતે ઈન્ડેક્સ ફેર યોજાઈ રહયો છે આ મેળામાં એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સીલ ફોર હેન્ડીક્રાફ્ટ (EPCH) ઈન્ડીયા પેવેલિયનનું ઉદઘાટન જેનું ઉદ્‌ઘાટન શ્રી કે. કાલિમુથુ, વાણિજય દૂત, ભારતીય મહા વાણિજય દૂતાવાસ દ્વારા કરવામાં આવ્યું હતું. દુબઈ સ્થિત ઈપીસીએચના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી આર કે. વર્મા, અન્ય નિકાસ સભ્યોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઈપીસીએચનાં એડિશનલ એકઝીકયુટીવ ડાયરેકટર રાજેશ રાવતે જણાવ્યું હતું કે આ મેળો ભારતીય નિકાસકારોને મધ્ય પૂર્વના પ્રીમિયમ ખરીદદારોને તેમના અનન્ય હસ્તકલા ઉત્પાદનોનું પ્રદર્શન કરવાની ઘણી તકો પૂરી પાડે છે.

શ્રી કાલીમુથુ, કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા, દુબઈએ ભારતીય પેવેલિયનનું ઉદ્‌ઘાટન કરતી વખતે, ભારતીય હસ્તકલાને વિશ્વ બજારોમાં લાવવા અને દેશમાંથી હસ્તકલા નિકાસને પ્રોત્સાહન આપવા માટે EPCHના સતત પ્રયાસોની પ્રશંસા કરી હતી અને UAEમાં વેપારને પ્રોત્સાહન આપ્યું આપવા માટે જરૂરી મદદની દરખાસ્ત કરી હતી.

EPCH ચેરમેન દિલીપ બાયડે જણાવ્યું હતું કે કાઉન્સિલ નિયમિતપણે ઈન્ડેક્સ ફેર, દુબઈ, UAE માં ભાગ લે છે, જે UAE બજારની વિવિધતાની સમજ આપે છે ઈન્ડેક્સ દુબઈ ડિઝાઈન પર આધારીત પશ્ચિમ એશિયા અને ઉત્તર આફ્રિકામાં ઉત્પાદનો માટેનું વૈશ્વિક બજાર છે. તેના માટે ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના સહયોગથી હાથવણાટના નિકાસકારોની આ સહભાગિતાનું આયોજન કર્યું છે.

EPCHના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી આર.કે. વર્માએ જણાવ્યું હતું કે અમદાવાદ, કરુર, બેંગલુરુ, ચેન્નાઈ, પાણીપત, સહારનપુર, જયપુર, જોધપુર, મુરાદાબાદ અને દિલ્હી NCRના પ્રદર્શકો તેમના ઉત્પાદનોનું પ્રદર્શન ઈન્ડિયા પેવેલિયનમાં કરી રહ્યા છે મેળાની મુલાકાત લેતા પ્રીમિયમ ખરીદદારો માટે પ્રદર્શન દર્શાવી રહયા છે.

હેન્ડીક્રાફ્ટ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ એ દેશમાંથી હસ્તકલાની નિકાસને પ્રોત્સાહન આપવા માટેની નોડલ સંસ્થા છે અને તે વિભિનન શિલ્પ કલસ્ટરમાં ઘર, જીવનશૈલી, કાપડ, ફર્નિચર અને ફેશન જ્વેલરી અને એસેસરીઝ ઉત્પાદનો બનાવવામાં રોકાયેલા લાખો કારીગરો અને કારીગરોના પ્રતિભાશાળી હાથના જાદુને પ્રદર્શિત કરવા માટે બ્રાન્ડની છબી ઉપસાવે છે.

દેશના વિવિધ ક્રાફ્ટ કલસ્ટરમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન બ્રાંડ ઈમેજ હેન્ડીક્રાફ્ટની નિકાસ રૂ. ૩૨,૭૫૯ કરોડ (યુએસ $ ૩,૯૫૬ મિલિયન) છે જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન યુએઈમાં રૂ. ૨૦૪૯ કરોડ (યુએસ $ ૨૪૭ મિલિયન) છે. પાછલા વર્ષની સરખામણીએ રૂપિયાના સંદર્ભમાં ૧૫.૯૧% અને ડૉલરના સંદર્ભમાં ૧% નો વધારો નોંધવામાં આવ્યો છે, ૨.૬૦% નો વધારો નોંધવામાં આવ્યો છે, EPCH એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી આર. કે. વર્માએ માહિતી આપી હતી.

# લોકસભા ચૂંટણી ૨૦૨૪માં નોટામાં પડેલા મતોની સંખ્યા દર્શાવે છે કે લોકોમાં એક અલગ જ જાગૃતિ આવી છે




નવી દિલ્હી, તા. ૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામે સૌ કોઈને ચોંકાવી દીધા છે પરંતુ સાથે એક વાતે સૌ કોઈનું ધ્યાન ખેચ્યું છે. તે છે આ વખતે ચૂંટણીમાં નોટાનો ઉપયોગ વધારે થયો છે. આંકડાઓ અનુસાર આ વખતે ચૂંટણીમાં દરેક ૧૦૦માં વ્યક્તિએ નોટાનું બટન દબાવ્યું છે. અંદાજે ૬ લાખ ૭૮ હજાર લોકોએ નોટાનો ઉપયોગ કર્યો છે.ઈન્દોર તેનું ઉદાહરણ બન્યું જ્યાં લગભગ ૨ લાખ ૧૮ હજાર લોકોએ નોટા બટન દબાવ્યું છે.

ડિસેમ્બર ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણીમાં ચૂંટણી પંચ દ્વારા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો એટલે કે ઈવીએમમાં નોટા એટલે કે ઉપરોક્તમાંથી એક પણ નહીંનો વિકલ્પ પૂરો પાડ્યો હતો.આ એવા મતદારો માટે છે જેઓ કોઈપણ પક્ષના ઉમેદવારથી ખુશ નથી પરંતુ પોતાનો મત આપવા માંગે છે. નોટા બટન દબાવવાનો મતલબ એ છે કે મતદાતા ચૂંટણી લડે તે કોઈપણ ઉમેદવારને પસંદ કરતા નથી. ઘણા લોકો નોટા ને નેગેટિવ મત માને છે.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ એટલે કે એડીઆરના અહેવાલ મુજબ, ૨૦૧૩માં નોટા ને ચૂંટણીનો ભાગ બનાવ્યા બાદ ૨૦૧૪ની ચૂંટણીમાં નોટા ને ૧.૦૮ ટકા એટલે કે ૬૦,૦૦૧૯૭ મત મળ્યા હતા અને ૨૦૯૭૫ની લોકસભા ચૂંટણીમાં ૧.૦૬ ટકા એટલે કે ૬૫,૦૦૦ મતો મળ્યા હતા.

નોટા પર સૌથી ઓછા મત આપનાર દેશના ટોપ-૧૦ રાજ્યોમાં કર્ણાટક, હિમાચલ પ્રદેશ, જમ્મુકાશ્મીર, નાગાલેન્ડ, લક્ષદ્રીપ, હરિયાણા, તેલગંણા, પંજાબ, દિલ્હી અને ઉત્તર પ્રદેશ રાજ્યો છે. દિલ્હીમાં ભલે મતદાન ઓછું થયું પરંતુ અહિના લોકોએ નોટા મત આપવાનો ઉત્સાહ દેખાડ્યો નહિ.દેશભરમાં લોકસભા ચૂંટણી-૨૦૨૪માં પોતાનું નસીબ અજમાવનાર ભાજપ અને કોંગ્રેસ સહિત ૫૩ રાષ્ટ્રીય અને પ્રાદેશિક રાજકીય પક્ષોમાંથી ૩૮ પક્ષો એવા હતા જેમને નોટા કરતા ઓછા મત મળ્યા છે. નોટા પર સૌથી વધારે મત આપનાર દેશના ટોપ-૧૦ રાજ્યોમાં ગોવા, ઝારખંડ, બિહાર, દાદરા નગર હવેલી, ગુજરાત, મધ્યપ્રદેશ, ત્રિપુરા, ઓડિશા, અસમ, અને આંધ્રપ્રદેશ છે. જ્યાં મતદારોએ કોઈ પણ પાર્ટીના ઉમેદવારને મત આપવાનું યોગ્ય સમજ્યું ન હતુ.

# મહારાષ્ટ્રમાં મોદીની રેલીઓથી NDAના ઉમેદવારોને ન થયો ફાયદો

મુંબઈ, તા.૬

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ એનડીએ અને ઈન્ડિયા બ્લોકમાં જોરદાર હલચલ જોવા મળી રહી છે. આ વખતે ભાજપ બહુમતીના આંકને સ્પર્શી શક્યું નથી. આ ચૂંટણીમાં ભાજપને ૨૪૦ બેઠકો મળી છે. યુપીમાં સૌથી વધુ સીટોનું નુકસાન ભગવા પાર્ટીને થયું છે. આ સિવાય મહારાષ્ટ્રમાં પણ પાર્ટીને માત્ર ૯ સીટો મળી છે. તમને જણાવી દઈએ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રની ૧૮ બેઠકો પર એનડીએ ઉમેદવારો માટે જાહેર સભાઓ અને રોડ શો કર્યો હતો, જેમાંથી એનડીએના ઉમેદવારો ૧૫ બેઠકો પર હારી ગયા હતા. મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતા વિજય વેદાટ્ટીવારે કહ્યું કે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી જીત્યા કારણ કે મોદીએ તેમના માટે કોઈ જાહેર સભા કરી ન હતી.તમને જણાવી દઈએ કે ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને મહારાષ્ટ્રમાં મોટી સફળતા મળી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં ભાજપ માટે મોટો પડકાર અપેક્ષિત હતો. આથી પીએમ મોદીએ પોતે મહારાષ્ટ્રમાં ૧૯ સભાઓ અને રોડ શો કર્યો, પરંતુ આટલી સભાઓ પછી પણ મહારાષ્ટ્રમાં ભાજપ માત્ર ૯ સીટો જીતી શકી, જ્યારે એનડીએ માત્ર ૧૭ સીટો જીતી શકી. એટલું જ નહીં, મુંબઈના ઘાટકોપરમાં જ્યાં વડાપ્રધાન મોદીએ રોડ શો કર્યોહતો ત્યાંથી ભાજપના ઉમેદવારો પણ હારી ગયા.વડાપ્રધાન મોદીએ મુંબઈના શિવાજી પાર્કમાં ૬ મતવિસ્તારો માટે જાહેર સભા કરી હતી, પરંતુ મુંબઈમાં પણ તેમને અપેક્ષિત સફળતા મળી નથી. અહીં એનડીએને માત્ર બે જ બેઠકો મળી હતી. આમાં એક ભાજપે અને બીજી શિવસેના (શિંદે જૂથ) જીતી હતી. જે ઉમેદવારો માટે પીએમ મોદીનો જાદુ કામ કરી રહ્યો છે તેમાં મુરલીધર મોહોલ અને ઉદયનરાજે ભોસલેનો સમાવેશ થાય છે. પીએમએ પુણેમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી, જ્યાંથી મોહોલ ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા હતા અને ભોસલે સતારાના ભાજપના ઉમેદવાર હતા. મોહોલ અને ભોસલે બંને જંગી માર્જિનથી જીત્યા છે.

### ક્લીન સ્વીપની હેટ્રિક ફટકારીને નવો રેકોર્ડ બનાવ્યો

# ભાજપે ૨૦૨૪માં ૨૦૧૪ અને ૨૦૧૯ પછી દિલ્હીની તમામ સાત બેઠકો જીતી

## ૧૯૫૨ પછી આ પહેલી ચૂંટણી છે, જેમાં કોઈ પાર્ટીએ સતત ત્રીજી વખત દિલ્હીની તમામ સાત બેઠકો જીતી છે

નવી દિલ્હી, તા.૬

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ચૂંટણી પરિણામોમાં ભાજપ ભલે બહુમતીથી દૂર હોય, પરંતુ તેણે દિલ્હીની તમામ સાત બેઠકો જીતીને ક્લીન સ્વીપની હેટ્રિક હાંસલ કરી છે. અગાઉ ૨૦૧૪ અને ૨૦૧૯માં પણ મતદારોએ દિલ્હીની તમામ સાત બેઠકો ભાજપને આપી હતી. ૧૯૫૨ પછી આ પહેલી ચૂંટણી છે, જેમાં કોઈ પાર્ટીએ સતત ત્રીજી વખત દિલ્હીની તમામ સાત બેઠકો જીતી છે.દિલ્હી બીજેપીના પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ દાવો કર્યો હતો કે જે દિવસે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધન થયું તે દિવસે નક્કી થયું હતું કે અમે દિલ્હીની તમામ સાત સીટો જીતીશું. દિલ્હીની જનતાએ સ્વીકારી લીધું છે કે કેજરીવાલ ભ્રષ્ટ છે. દિલ્હીની જનતાએ વોટના ફટકાથી જેલભરો જવાબ આપ્યો છે. તેઓ સમજી ગયા કે જેઓ પંજાબમાં એકબીજાના ગળા કાપવા તૈયાર છે તેઓ દિલ્હીમાં એકબીજાને ભેટી રહ્યા છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં ગઠબંધન કરીને ચૂંટણી લડી હતી, જ્યારે પંજાબમાં બંને પાર્ટીઓએ પોત-પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે દિલ્હીમાં ચોમાસું આવવાનું છે, પરંતુ અમે જાણીએ છીએ કે ગટરોની સફાઈ થઈ નથી અને આગામી સમયમાં ફરીથી તેમના (કેજરીવાલના) મંત્રીઓ નવા બહાના કરશે, પરંતુ આ વખતે અમે તેમને બહાના નહીં કરવા દઈએ આપો અને આ વિજય માત્ર એક વિરામ છે. અમે અમારું કામ ફરી શરૂ કરીશું અને આપ ને વિધાનસભામાંથી હાંકી કાઢીશું. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૫માં દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે.બે મહિલાઓ દિલ્હીથી સંસદ પહોંચી છે. લાંબા સમય બાદ દિલ્હીની બે મહિલા સાંસદ સંસદમાં પહોંચી છે.ભાજપના ઉમેદવાર કમલજીત સેહરાવતે પશ્ચિમ દિલ્હીથી મહાબલ મિશ્રાને હરાવ્યા છે, જ્યારે બાંસુરી સ્વરાજે આમ આદમી પાર્ટીના વર્તમાન ધારાસભ્ય સોમનાથ ભારતીને હરાવ્યા છે. તે જ સમયે, દિલ્હી વિધાનસભામાં વિપક્ષના નેતા રામવીર સિંહ બિધુરી હવે ભાજપના ઉમેદવાર તરીકે દક્ષિણ દિલ્હી બેઠક પરથી ગઠબંધનના આપ ઉમેદવાર સહીરામ પહેલવાનને લગભગ ૧.૨૫ લાખ મતોથી હરાવીને સાંસદ બન્યા છે.

એટલે કે આ ખાલી પડેલી બેઠક પર પેટાચૂંટણી યોજાઈ શકે છે.પશ્ચિમ દિલ્હીથી ભાજપના ઉમેદવાર કમલજીત સેહરાવતે જીત મેળવી છે. કમલજીત દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર છે, એટલે કે તેમની સીટ પર પણ પેટાચૂંટણી થઈ શકે છે.

### આ ઘટના નજીવી તકરારમાં બની હતી

# કોન્સ્ટેબલે INSAS રાઈફલથી ASIને ગોળી મારી હત્યા કરી

## ઝારખંડના લોહરદગામાં એક કોન્સ્ટેબલે INSAS રાઈફલથી ASIને ગોળી મારી, ગોળી વાગવાથી ASIનું મોત થયું હતું

ઝારખંડ, તા.૬

ઝારખંડના લોહરદગામાં એક કોન્સ્ટેબલે INSAS રાઈફલથી ASIને ગોળી મારી. ગોળી વાગવાથી ASIનું મોત થયું હતું. માહિતી બાદ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ કરી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ આ કેસની તપાસ શરૂ કરી છે. ઝારખંડના લોહરદગામાં એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે. અહીં એક નજીવી બાબત પર થયેલા વિવાદમાં એક કોન્સ્ટેબલે ASIને ગોળી મારી દીધી, જેના કારણે તેનું મોત નીપજ્યું. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. માહિતી મળતા જ વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ કરી હતી. હાલ પોલીસે આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.એજન્સી અનુસાર, પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટના ઝારખંડના લોહરદગા જિલ્લામાં બની હતી. અહીં બુધવારે રાત્રે એક પોલીસ અધિકારીની તેના સાથીદાર સાથે કોઈ મુદ્દે ઝઘડો થયો હતો. જેના કારણે કોન્સ્ટેબલે ASIને ગોળી મારી દીધી હતી.અધિકારીઓએ જણાવ્યું કે ઝારખંડ પોલીસમાં તૈનાત કોન્સ્ટેબલ અનંત સિંહ મુંડા અને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) ધર્મેન્દ્ર સિંહ વચ્ચે નજીવી બાબત પર વિવાદ થયો હતો. વિવાદ એટલો વધી ગયો કે રાત્રે લગભગ 9 વાગ્યે કોન્સ્ટેબલ અનંત સિંહે પોતાની ઈન્સાસ રાઈફલ કાઢી અને ASI ધર્મેન્દ્રને ગોળી મારી દીધી.ગોળી વાગવાથી ધર્મેન્દ્ર સિંહનું મોત થયું હતું. માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસ અધિક્ષક હરિસ બિન ઝમાને જણાવ્યું હતું કે ઘટનાની વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. મૃતક ASI અને આરોપી કોન્સ્ટેબલ અન્ય બે વ્યક્તિઓ સાથે ભાડાના મકાનમાં રહેતા હતા.

# MCD ૧ જુલાઈથી પ્રોપર્ટી ટેક્સની ચુકવણી માટે ચેક પેમેન્ટ નહીં સ્વીકારે

નવી દિલ્હી, તા.૬

MCDએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આવતા મહિનાથી એટલે કે 1 જુલાઈથી પ્રોપર્ટી ટેક્સ UPI, વોલેટ, ડિમાન્ડ ડ્રાફ્ટ, પે ઓર્ડર અથવા કોઈપણ ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ડિજિટલ રીતે ચૂકવવો પડશે. તેમાં કહેવામાં આવ્યું છે કે બાઉન્સ થયેલા ચેકથી ઉદ્ભવતા કાનૂની મુદ્દાઓને કારણે આ માધ્યમથી પ્રોપર્ટી ટેક્સની ચુકવણી જુલાઈથી બંધ કરવામાં આવશે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) એ પ્રોપર્ટી ટેક્સની ચુકવણી અંગેના નિયમોમાં ફેરફાર કર્યો છે. તેથી, મ્યુનિસિપલ બોડી હવે 1 જુલાઈથી ચેક દ્વારા મિલકત વેરાની ચુકવણી સ્વીકારશે નહીં. MCDએ કહ્યું કે ચેક બાઉન્સની સમસ્યા સતત સામે આવી રહી છે. તેને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.MCDએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આવતા મહિનાથી એટલે કે 1 જુલાઈથી પ્રોપર્ટી ટેક્સ UPI, વોલેટ, ડિમાન્ડ ડ્રાફ્ટ, પે ઓર્ડર અથવા કોઈપણ ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા ડિજિટલ રીતે ચૂકવવો પડશે. તેમાં કહેવામાં આવ્યું છે કે બાઉન્સ થયેલા ચેકથી ઉદ્ભવતા કાનૂની મુદ્દાઓને કારણે આ માધ્યમથી પ્રોપર્ટી ટેક્સની ચુકવણી જુલાઈથી બંધ કરવામાં આવશે.ઈલેક્ટ્રોનિક ચુકવણીઓ માત્ર સમયસર ચૂકવણી અને રસીદ જારી કરવાની ખાતરી કરશે નહીં, પરંતુ વ્યવસાય કરવામાં સરળતા પણ આપશે. તેમજ કરદાતાઓ પ્રોપર્ટી માટે સરળતાથી ચૂકવણી કરી શકશે અને આ કામમાં પણ ઝડપ આવશે.

MCD એ ખાલી પડેલી જમીન અને ઈમારતોના માલિકો અને કબજેદારોને વર્ષ 2024-25 માટે ટેક્સ ચૂકવવા અને 30 જૂન પહેલા એકસાથે ચૂકવણી પર 10 ટકા રિબેટ મેળવવા અપીલ કરી છે.કર ચૂકવવા માટે, મિલકત માલિકો અથવા કબજેદારો www.mcdonline.nic.in પર લૉગ ઈન કરી શકે છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ 2003 ની કલમ 114 ની જોગવાઈઓ મુજબ, દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવતી તમામ ઈમારતો અને ખાલી જમીનો મિલકત વેરો ચૂકવવા માટે જવાબદાર છે.

# જૂનાગઢ જીલ્લામાં પાંચ સ્થળે યોગ બોર્ડ દ્વારા યોગ અને સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું






જૂનાગઢ, તા.૬

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગુજરાત સરકાર દ્વારા ઉનાળુ વેકેશનમાં બાળકોને નવી પ્રવૃત્તિ સાથે નવા વિચારો મળે એ માટે જૂનાગઢ જિલ્લામાં દસ દિવસીય યોગ અને સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે યોગ અને સંસ્કાર શિબિર તારીખ ૨૦ થી ૨૯ મે ૨૦૨૪ આમ કુલ દસ દિવસ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક શીશપાલજી તેમજ ઓ. એસ. ડી. વેદી તેમજ સ્ટેટ કોર્ડીનેટર રાજેશભાઈ પંચાલ તેમજ ઝોન કોડીનેટર તથા જિલ્લા કોડીનેટર ચેતનાબેન ગજેરાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢમાં અલગ અલગ સ્થાન પર કુલ પાંચ સ્થળોએ આ સમર કેમ્પ યોગ અને સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ગીરનાર પબ્લિક સ્કૂલ ખાતે યોગ ટ્રેનર ગ્રીષ્માબેન, નિશાબેન, અને જિલ્લા કોર્ડીનેટર ચેતનાબેન ગજેરાના નેતૃત્વમાં આ સમર કેમ્પયોજાયો હતો.ટીંબાવાડી ગાર્ડન પાણીના ટાંકા પાસે યોગ ટ્રેનર સોનલબેન તથા નીલાબેન તથા મીનાબેનના માર્ગદર્શન આયોજન કરવામાં આવ્યું હતું.ચીક પેકપ્રીપ્રાઈમરી યુનિટ એકલવ્ય ગ્લોબલ સ્કૂલમાં યોગ કોચ ભરતભાઈ તથા કમલેશભાઈ તથા યોગ ટ્રેનર રીટાબેન દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું, નાયબ નિયામકની કચેરી રાજ્ય પંચાયત અને તાલીમ ભવન શશીકુંજ ખાતે યોગકોચ નર્મદાબેન, ભગવાજીભાઈ, યોગ ટ્રેનર દુર્ગાબેન દ્વારાયોગ શીબીર યોજાઈ હતી,એકલવ્ય સ્કૂલ ઝાંઝરડા રોડ યોગ કોચ નયનાબેન તથા યોગ ટ્રેનર ભારતીબેન તથા સોનલબેન દ્વારાયોગ શીબીર યોજાઈ હતી,

ઉપરોક્ત યોગ અને સંસ્કારશિબિરમાં અલગ અલગ કાર્યક્રમો જેવા કે યોગીક એકસરસાઈઝ, આસનો, પ્રાણાયામ, ગાયત્રી યજ્ઞ, ધ્યાન, બાળરોગ નિષ્ણાતનું માર્ગદર્શન, જુદી-જુદી રમતો, વૃક્ષારોપણ, બાળકોને પ્રોત્સાહિત કરી શકે એવા અલગ અલગ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.બાળકોને યોગ બુક, ચિત્રપોથી, ટોપી, પેન, પેન્સિલ, કલર સેટ વગેરે બાળકોને ઉપયોગી થાય તેવી ગિફ્ટ આપવામાં આવી હતી અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

# જૂનાગઢ જીલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં પાત્રતા ધરાવતા ખેડૂતોનો સમાવેશ કરવા સેચ્યુરેશન ડ્રાઈવ યોજાશે

જૂનાગઢ, તા.૬

ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૯થી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના(પી.એમ.કિસાન) યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વાર્ષિક રૂા.૬૦૦૦/- ત્રણ હપ્તાઓ પેટે ખાતેદાર ખેડૂતના બેંક એકાઉન્ટમાં **DBT** મારફત જમાં કરવામાં આવે છે.

આ યોજનામાં તમામ પાત્રતા ધરાવતા ખેડૂતોનો સમાવેશ કરવા તા.૫-૬-૨૦૨૪ થી તા.૧૫-૬-૨૦૨૪ દરમ્યાન સેચ્યુરેશન ડ્રાઈવ યોજાશે. જેથી આ યોજનામાં નવી અરજીઓની પી.એમ. કિસાન પોર્ટલ ઉપર સેલ્ફ રજીસ્ટ્રેશન મેનુ દ્વારા પાત્રતા ધરાવતા ખેડૂતોની નોંધણી ચાલુ છે. નોધણી કર્યા બાદ જરૂરી સાધનિક કાગળો પોતાના ગામના તલાટી મંત્રીને રજુ કરવાના રહેશે.

ઉપરાંત જે ખેડૂતો નોંધાયેલા છે પરંતુ તેમનું ી-દ્વરૂઝ, લેન્ડ સીડીંગ, **DBT Enable** અને આધાર સીડીંગ બાકી હોય તો આગામી હપ્તાનો લાભ મેળવવા માટે પી.એમ.કિસાન યોજનામાં **e-KYC**, લેન્ડ સીડીંગ, **DBT Enable** અને આધાર સીડીંગ કરાવવું ફરજીયાત છે. **e-KYC**, લેન્ડ સીડીંગ, **DBT Enable** અને આધાર સીડીંગ કરેલ લાભાર્થીઓના આધાર સાથે જોડાયેલા એકાઉન્ટમાં જ ૨૦૦૦ રૂપિયા જમાં કરવામાં આવશે. વધુ માહિતી માટે તાલુકાના ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મદદનીશ ખેતી નિયામક(વિ.), નાયબ ખેતી નિયામક(વિ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, જૂનાગઢ અને કિસાન કોલ સેન્ટર નં.૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી વિક્રમસીંહ ચૌહાણની એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# રાજકોટ પરસોત્તમભાઈ રૂપાલા અને પોરબંદર ડો.મનસુખભાઈ માંડવીયાના ભવ્ય વિજયને અભિનંદન પાઠવતા રાજકોટ જીલ્લા ભાજપ

## લોકસભા ૧૦ અને ૧૧ના મતદારોનો આભાર માનતા રાજકોટ જીલ્લા ભાજપ







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૬

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં રાજકોટ જીલ્લામાં આવતી લોકસભા ૧૦-રાજકોટ અને ૧૧-પોરબંદરમાં મતદારોએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીની ભાજપ સરકારના વિકાસ, વિશ્વાસ અને રાષ્ટ્રભાવનાને સમૃદ્ધ બનાવવા દેશ હિત માટે જ પરસોત્તમભાઈ રૂપાલા તેમજ ડો.મનસુખભાઈ માંડવીયા ઉપર વિશ્વાસ મૂકી અભૂતપૂર્વ મતદાન કરી અને ભવ્ય વિજય અપાવેલ છે, જેમાં જીલ્લા સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા, જીલ્લા ઉપપ્રમુખો ખોડાભાઈ ખસીયા, ગોવિંદભાઈ રાણપરીયા,પ્રફુલભાઈ ટોળીયા, રાજુભાઈ ધારૈયા, જયેશભાઈ ત્રિવેદી, રીનાબેન ભોજાણી, રમાબેન મકવાણા, બિંદીયાબેન મકવાણા, જીલ્લા મંત્રીઓ વલ્લભભાઈ શેખલીયા, મનોજભાઈ રાઠોડ, વલ્લભભાઈ ઝાપડિયા, રાજુભાઈ સાવલિયા, જસ્મીનભાઈ પીપળીયા, વિશાલભાઈ ફાગલીયા, સીમાબેન જોશી, વંદનાબેન ફિચડીયા, કોષાધ્યક્ષ વંદનાબેન ફિચડીયા સહિત પાયાના કાર્યકર્તાથી માંડી તમામ સાંસદો, ધારાસભ્યો, જીલ્લા હોદેદારો, મંડલના હોદેદારો, મોરચાના હોદેદારો, બુથ સુધીના કાર્યકર્તાઓ, ચુટાયેલા લોક પ્રતિનિધિઓ, સીનીયર આગેવાનોનો હૃદયપૂર્વક આભાર માનેલ છે અને જીતેલા બંને ઉમેદવારોને અભિનંદન પાઠવેલ છે.તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે વિશ્વ પર્યાવરણ દિન નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ,તા.૫

બીજ વિજ્ઞાન અને તકનિકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ હસ્તકના સાગડીવીડી ફાર્મ ખાતે તા.૫-૬-૨૦૨૪ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો.વી.પી.ચોવટિયાની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. આ પ્રસંગે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક ડો.આર.બી. માદરીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી. જાદવ, કુલસચિવ ડો.પી.એમ. ચૌહાણ, નિયામક વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ ડો.આર. એમ. સોલંકી, યુનિવર્સિટીના વિવિધ અધિકારીઓ, વિવિધ મહાવિદ્યાલય અને પોલીટેકનીકના આચાર્યો, પ્રાધ્યાપક અને વડાઓ તેમજ સંશોધન વૈજ્ઞાનિકોએ હાજર રહી વૃક્ષારોપણ કર્યુ હતુ. જેમાં રાવણા, આંબા જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

# ઉના શહેરની સોસાયટીઓમાં ઘણા મહિનાઓથી વીજ પ્રવાહ ડીમ અને ફૂલની સમસ્યા દૂર કરવા લોકોની માંગણી

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૬

ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર આવેલ શાસ્ત્રીનગર, યોગેશ્વર નગર, જગજીવન સોસાયટી વિસ્તારમાં પચાસથી વધુ મકાનોમાં લોકો પરિવાર સાથે રહે છે અને તમામ એ પી.જી.વી.સી. એલ. કુ.ના વીજ કનેકશન લીધેલ છે. પચાસથી વીજ ગ્રાહકોએ સહીઓ કરી એક અરજી ઊનાની પી.જી.વી.સી. એલ. કુ.ના ઈજનેર ડીનની કચેરી આપી જણાવેલ છે કે, આ ત્રણ સોસાયટી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અચાનક વીજ પ્રવાહ ડિમ અને ફૂલ થવાની સમસ્યા વધી ગઈ છે. જેને કારણે વીજ ઉપકરણોને મોટી નુકશાની જાય છે. રાત્રે વીજ પ્રવાહ અચાનક ડીમ થવાથી પંખા ધીમા પડી જતાં ગરમી અને બફારાથી લોકો મુશ્કેલીમાં મુકાય જાય છે. તો તુરંત રીપેરીંગ કરી પૂરતા દબાણ સાથે વીજ પ્રવાહ લોકોને મળે તેવી કામગીરી કરવા માંગણી કરી છે. અગાઉ એક અરજી આપેલ હતી પરંતુ કોઈ કામગીરી કરવામાં આવી નથી. જો ટૂંક સમયમાં કામગીરી કરવામાં નહિ આવે તો આ સોસાયટીના રહીશો ઊનાની પી.જી.વી.સી. એલ કચેરી સામે અથવા ટાવર ચોકમાં ન્યાય માટે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપી છે.

# ખંભાળિયામાં આગ-અકસ્માત અંગે સ્ટાફને ટ્રેનિંગ અપાઈ



(પ્રતિનિધિ દ્વારા)


જામ ખંભાળિયા, તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં આગ, અકસ્માત જેવા બનાવ સમયે આવી પરિસ્થિતિનો સામનો કરવા અંગેની ટ્રેનિંગ આપવામાં આવી હતી. જેમાં જિલ્લા ફાયર અધિકારી મીતરાજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ કોર્ટમાં ન્યાયાધીશો તેમજ વકીલો વગેરેની ખાસ ઉપસ્થિતિમાં આ પ્રકારના બનાવ સામે પગલા લેવા અંગે પ્રેક્ટીકલ ટ્રેનિંગ અપાઈ હતી.

# ઉનાનાં મેણ ગામે પીજીવીસીએલની ઘોર બેદરકારી : યોગ્ય જવાબ આપવા લોકોની માંગ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૬



ઉના તાલુકાનું મેણ ગામે અનુસૂચિત જાતિ વિસ્તારમાં અને મેણ ગ્રામ વિસ્તારમાં **PGVCL**ની ઘોર બેદરકારી સબસ્ટેશન ઉપર નીચે વૃક્ષો તથા વેલાનો ઘેરાવ તો પણ **PGVCL**ની ઘણી બધી બેદરકારી જોવા મળી રહી છે અને આજુબાજુમાં નાના બાળકો રમતા હોય અને લોકો બાજુમાંથી પસાર થાય હોય પશુઓ પસાર થતા હોય ત્યારે કોઈ વીજ કરંટ લાગવાથી અકસ્માત સર્જાય તો આના માટે જવાબદાર કોણ તે પણ એક સવાલ ઉઠી રહ્યો છે અને જ્યારે પણ અમારે લાઈટનો પ્રશ્ન હોય તો ત્યારે અમે ધોકડવા પીજીવીસીએલ ડિવિઝનને ફોન કરીએ કોઈ અધિકારી ફોન ઉપાડતા નથી તેમજ ઓફિસમાંથી યોગ્ય જવાબ મળતો નથી જેથી ધોકડવા પીજીવીસીએલ વ્યવસ્થિત જવાબ આપે તો લોકોની માંગણી ઉઠી છે.

# ખંભાળિયામાં 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે મુક્તિ ધામ નજીક વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)



જામ ખંભાળિયા, તા.૬

પૃથ્વીને ગ્લોબલ વોર્મિંગના પ્રભાવથી બચાવવા, સસ્ટેનેબલ જીવનશૈલી અપનાવવાના હેતુસર સમગ્ર વિશ્વમાં ૫ જૂનના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ -૨૦૨૪ના "વર્લ્ડ અર્થ ડે"નું સ્લોગન " **Our Land, Our Future**" રાખવામાં આવ્યું છે. જે અંતર્ગત ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદની અનુશ્રામાં દેવભૂમિ દ્વારકા ડી.એલ.એસ.એ. (**DLSA**)ના ચેરમેન એસ.વી. વ્યાસના માર્ગદર્શન હેઠળ તથા ખંભાળિયા નગરપાલિકા અને નાયબ વન સંરક્ષણની કચેરી (સામાજિક વનીકરણ વિભાગ), ખંભાળિયાના સંયુક્ત ઉપક્રમે ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર આવેલા મુક્તિ ધામ નજીકના ખુલ્લા ભાગમાં મિયાવાકી પદ્ધતિ ઘનિષ્ટ વનીકરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ કાર્યક્રમમાં જિલ્લા હેડક્વાર્ટર ખાતે ફરજ બજાવતા જુદી જુદી કોર્ટના ન્યાયાધીશ, ડી.વાય.એસ.પી. એમ.એમ. પરમાર ચીફ ઓફિસર ભરતભાઈ વ્યાસ, પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયા, આસિસ્ટન્ટ કન્ઝવેટર ઓફ ફોરેસ્ટ કે.કે. પિંડારિયા - ડી.એલ.એસ.એ.ના કર્મચારીઓ, ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ, પી.એલ.વી.ઓ જોડાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવોઓ વૃક્ષારોપણના કાર્યક્રમમાં સહભાગી થયા હતા. હાજર રહેલા તમામ મહાનુભાવોએ પૃથ્વીને ગ્લોબલ વોર્મિંગના સંકટમાંથી બચાવવા માટે સસ્ટેનેબલ જીવનશૈલી અપનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ જ રીતે જિલ્લાના ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા અને ઓખા તાલુકા મથકે આવેલ અદાલતમાં પણ **TLSC**ના ચેરમેનના માર્ગદર્શન હેઠળ અદાલત પરિસરમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરી "વિશ્વ પર્યાવરણ દિવસ"ની સવિશેષ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલુકાના ન્યાયાધીશો, કર્મચારીઓ, પેનલ અને રીટેનર એડવોકેટ તથા વકીલ બાર એસો.ના સભ્યોએ જોડાઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જિલ્લામાં આવેલ તાલુકા મથકે આવેલ અદાલત પરિસરમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું પણ સુંદર આયોજન થઈ શકે તે માટે નાયબ વન સંરક્ષણ દ્વારા કચેરી (સામાજિક વનીકરણ વિભાગ)ના ડી.સી.એફ. અરુણ કુમાર દ્વારા નોડલ ઓફિસરને જરૂરી સૂચના આપી, સમગ્ર જિલ્લામાં સુચારૂ રૂપે આયોજન થઈ શકે તે માટે તાલુકા ખાતેના આર.એફ.ઓ.ને સંકલનમાં રહી, કામગીરી કરવા જરૂરી સુચના આપવામાં આવેલ હતી. સમગ્ર જિલ્લા નાયબ વન સંરક્ષણ કચેરી (સામાજિક વનીકરણ વિભાગ) દ્વારા વિવિધ પ્રકારના વૃક્ષો, ઔષધી, ફળ-ફૂલ તથા બહુહેતુક પ્રકારના છોડ, રોપાઓ પૂરા પાડવામાં આવ્યા હતા. આમ, ડી.એલ.એસ.એ. દ્વારા જિલ્લાના વિવિધ સ્ટેક હોલ્ડર સાથે સંકલન કરી, જિલ્લામાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવની યાદીમાં જણાવાયું છે.

## ૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે

# ચોરવાડ હોલીડે કેમ્પ ખાતે બીચની સફાઈ હાથ ધરાઈ

## બીચનાં સફાઈ અભિયાનમાં ૧ ટ્રેકટર પ્લાસ્ટિકનો વેસ્ટ નિકાલ કરવામાં આવ્યો હતો

(નિલેશ રાજપરા દ્વારા)


માંગરોળ, તા.૬

ગદ્રે મરીન એક્ષપોર્ટ પ્રા.લી.ચોરવાડ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, વનવિભાગ, સંજીવની નેચર ફાઉન્ડેશન દ્વારા હોલીડે કેમ્પ બિચ સફાઈ અભિયાન તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. પર્યાવરણની સુરક્ષા માટે જાગૃતિ લાવવા અને લોકોને પ્રોત્સાહિત કરવા આ દિવસની ઊજવણી એક પ્રબળ માધ્યમ છે. જેના દ્વારા દરિયાઈ પ્રદૂષણ, વસ્તી વધારો, ગ્લોબલ વોર્મિંગ, સાતત્યપૂર્ણ વિકાસ અને વન્યજીવન, પર્યાવરણીય મુદ્દાઓ ઉપર જાગૃતિલક્ષી કાર્યક્રમો થઈ રહ્યાં છે.

આપણે સૌ જાણીએ છીએ કે વિકાસના નામે કુદરત સાથે કેટલી છેડછાડ કરવામાં આવી રહી છે. વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે, જંગલોનો નાશ થઈ રહ્યો છે, નદીઓ વાળવામાં આવી રહી છે. એટલું જ નહીં, વધતું પ્રદૂષણ માનવ, પશુ-પક્ષી અને દરિયાઈ જીવોના જીવનને જોખમમાં મૂકી રહ્યું છે. આ માટે આપણે માણસો સૌથી વધુ જવાબદાર છીએ. દર વર્ષે ૫ જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આપણને યાદ અપાય છે કે આપણે પ્રકૃતિ છીએ, પ્રકૃતિ આપણે નથી. જો તમારે તમારી આવનારી પેઢીઓને બચાવવા હોય તો પર્યાવરણ બચાવવાની શરૂઆત તમારાથી કરો.

આપણે સૌ જાણીએ છીએ કે વિકાસના નામે કુદરત સાથે કેટલી છેડછાડ કરવામાં આવી રહી છે. વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે, જંગલોનો નાશ થઈ રહ્યો છે, નદીઓ વાળવામાં આવી રહી છે. એટલું જ નહીં, વધતું પ્રદૂષણ માનવ, પશુ-પક્ષી અને દરિયાઈ જીવોના જીવનને જોખમમાં મૂકી રહ્યું છે. આ માટે આપણે માણસો સૌથી વધુ જવાબદાર છીએ.

સંપૂર્ણ માનવતાનું અસ્તિત્વ પ્રકૃતિ પર નિર્ભર છે. તેથી એક સ્વસ્થ અને સુરક્ષિત વાતાવરણ વગર, માનવ સમાજની કલ્પના અધૂરી છે. આ તકે નિલેશભાઈ રાજપરાએ જણાવ્યું હતું કે પ્રકૃતિને બચાવવા માટે આજે આપણે સાથે મળીને સંકલ્પ લેવો પડશે. વૃક્ષારોપણ અને પાણી બચાવવાની વાત સાથે મહેમાનનો આભાર વ્યક્ત કરેલ હતો. હોલીડે કેમ્પ ચોરવાડ ખાતે બીચ ઉપર સફાઈ અભિયાન તેમજ ગદ્રે મરીનની વિશાળ જગ્યામાં વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ફોરેસ્ટ વિભાગના મયાત્રા ,વાળા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ધર્મેન્દ્ર વાકાણી તેમજ ગદ્રેમરીનના પંચોલી, રાઠોડ સહિતના અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહયા હતા તેમજ સંજીવની નેચર ફાઉન્ડેશન માંગરોળના પ્રમુખ નરેશગીરી ગૌસ્વામી તેમજ ઉ.પ. પ્રમુખ નિલેશભાઈ રાજપરા તેમજ ટીમ નાથાભાઈ નંદાણીયા અને તેમની ટીમના કાર્યકરો ઉપસ્થિત રહયા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા માટે ખુબજ જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# નક્સલવાદ પર વિપક્ષ બેનકાબ

આજકાલ નક્સલીઓ મુશ્કેલીમાં છે. પરિસ્થિતિઓ બદલાઈ રહી છે. ૨૦૨૪ના સાડા ચાર મહિનામાં જ ૧૧૦થી વધુ નક્સલી માર્યા ગયા છે. ગભરાયેલા નક્સલીમાં આત્મસમર્પણની હોડ જામી છે. આ કારણે નક્સલ નેતૃત્વ ગભરાટમાં છે. નક્સલીઓના સંરક્ષક અને સમર્થક પણ ગભરાટમાં છે. ૧૦ મેએ બીજાપુરના પીડિયામાં ૧૨ નક્સલીઓ માર્યા ગયા બાદ દાવો કરાઈ રહ્યો છે કે નક્સલીઓના નામ પર ગ્રામીણોને મારવામાં આવ્યા. કોંગ્રેસીઓ, ડાબેરીઓ અને કેટલાક આદિવાસી સંગઠનોમાં પણ બેચેની છે. આ સંગઠનો તપાસ કમિટિઓએ ગામની મુલાકાત લઈને નિઃશસ્ત્ર લોકોને મારવાનો આરોપ લગાવ્યો છે. જિલ્લા પ્રશાસન દ્વારા કરાઈ રહેલ ન્યાયિક તપાસનો રિપોર્ટ હજુ નથી આવ્યો, પરંતુ પ્રચાર મેળવવા નક્સલ સમર્થક ચોતરફી દબાણ બનાવવામાં લાગ્યા છે.

બીજી તરફ આ વખતે ભાજપ સરકાર પણ તૈયારીમાં છે. પ્રશાસને માર્યા ગયેલ તમામ ૧૨ નક્સલીઓ વિરુદ્ધ અપરાધિક પ્રમાણ એકઠા કર્યા છે. જલ્દી તેમના વિરુદ્ધ પહેલાં નોંધાયેલ કેસોની યાદી જાહેર કરવાની સંભાવના છે. ૧૦ મેએ અથડામણ દરમ્યાન સમર્પણ કરનારી એક મહિલા નક્સલીએ શનિવારે નક્સલીઓની બદલાયેલી રણનીતિની પુષ્ટિ કરી દીધી છે. તેણે કહ્યું કે નક્સલી અને તેમના સમર્થકો નકલી એન્કાઉન્ટરનો આરોપ લગાવીને સરકાર પર દબાણ બનાવવાની રણનીતિક કાવતરામાં જોડાઈ ગયા છે. તેના માટે નક્સલીઓને ગ્રામીણોના કપડાંમાં રાખવામાં આવે છે. અથડામણમાં તેઓ માર્યા જાય તો પાંદડાં વીણવા ગયેલા ગ્રામીણોને મારવાની વાતો કહેવાઈ રહી છે. જ્યારે પાંદડાં વીણવાની જગ્યા ત્યાંથી તો લગભગ ૨૦ કિલોમીટર દૂર છે.

બદલાવને આ તથ્યો સાથે પણ સમજી શકાય છે કે છેલ્લા સાડા ચાર મહિનામાં ૪૦૦થી વધુ નક્સલીઓએ સમર્પણ કર્યું છે તો લગભગ ૨૦૦ નક્સલીની ધરપકડ કરાઈ ચૂકી છે. આસપાસના ૨૦ થી ૩૦ કિલોમીટર ક્ષેત્રમાં સુરક્ષા સુનિશ્ચિત કરનારા ૨૫થી વધુ કેમ્પ પણ આ દરમ્યાન ખૂલી ચૂક્યા છે તથા બીજા ૫૦ કેમ્પ ખોલવાની પ્રક્રિયા ચાલુ છે. અહીં ધ્યાન આપવાની વાત એ છે કે લગભગ એક મહિના પહેલાં ૧૬ એપ્રિલે ૨૯ ન્સલીઓ માર્યા જતાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે નક્સલીઓના નામે ગ્રામીણોને મારવાના આરોપ લગાવ્યા. એ દરમ્યાન તમામ નક્સલીઓએ વર્દી પહેરી હતી, તેથી ટીકા વધતાં બઘેલે પોતાનું નિવેદન પાછું ખેંચ્યું. આ વખતે નક્સલીઓ ગ્રામીણો જેવાં કપડાંમાં હતા. બઘેલની સાથે સાથે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ દીપક બૈજ, ડાબેરી નેતા મનીષ કુંજામ વગેરે પણ કૂદી પડ્યા છે.

બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાય સહિત અન્ય ભાજપી નેતા આમાં કોંગ્રેસ નેતાઓ અને નક્સલીઓ વચ્ચે સાંઠગાંઠનો આરોપ લગાવી ચૂક્યા છે. મે ૨૦૧૩ના રોજ ઝીરમ કાંડમાં કોંટાના ધારાસભ્ય કવાસી લખમાની ભૂમિકા હજુ પણ સવાલોમાં છે અને તપાસ રિપોર્ટ જાહેર થવાની રાહ જોવાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઝારકંડના ઘાટશિલામાં એમ કહીને મુદ્દાની પ્રાસંગિકતા વધારી દીધી છે કે કોંગ્રેસના શેહજાદા નક્સલીઓની ભાષા બોલી રહ્યા છે. નક્સલીઓના માર્યા જવાનો આંકડો પણ કોંગ્રેસીઓનું નક્સલીઓ પ્રત્યે નરમ વલણ હોવાના આરોપને આધાર આપ્યો છે. ૨૦૧૮માં ભાજપ સરકારના કાર્યકાળમાં ૧૧૨ નક્સલી માર્યા ગયા હતા, જ્યારે પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનતાં જ ૨૦૧૯માં ૬૫, ૨૦૨૦માં ૪૦, ૨૦૨૧માં ૫૧ નક્સલીઓ માર્યા ગયા. આ આંકડા વધુ ઘટતાં ૨૦૨૨માં ૩૦ અને ૨૦૨૩માં માત્ર ૨૦ રહી ગયો. તેની સામે નક્સલીઓએ ૨૦૨૧માં ૩૩ ગ્રામીણોની હત્યા કરી અને ૪૬ જવાન બલિદાન થયા. ૨૦૨૩માં ૨૦ નક્સલીઓને જ મારી શકાયા, જ્યારે નક્સ્લીઓએ ૪૧ ગ્રામીણોને મારી નાખ્યા અને ૨૫ જવાનો બલિદાન થયા. આ રીતે ૨૦૦૧થી અત્યાર સુધી લગભગ ૧૨૧૦ નક્સલીઓને જવાનોએ ઠાર માર્યા છે તો બદલામાં લગભગ ૧૭૫૦ ગ્રામીણોના જીવ ગયા છે અને લગભગ ૧૩૦૦ જવાનો બલિદાન થયા છે. ૨૦૨૪ના પહેલા સાડા ચાર મહિનામાં જ ૧૧૦ નક્સલીઓને ઠાર કરાયા છે અને જવાનોનું બલિદાન એકલ અંકમાં છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ખુશીઓ વહેંચવાથી વધે છે..

- જોન રે

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૧૫ ભાવુકા અમાસ, ભગવાન શ્રી શનિધર જયંતિ, ધનિષ્ઠા નવકાર સમાપ્ત, મહારાણી શ્રી લક્ષ્મીબાઈ નિર્વાણ દિન (ઝાંસી) તા.૬ જૂન ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૮, રોહિણી નક્ષત્ર, ધૃતિ યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કાર્યક્ષેત્રમાં સાવધાની જરૂરી બને. ભાઈબહેનથી મતભેદ સર્જાય.
વૃષભ:ઉતાવળીયો નિર્ણય ન કરવો હિતાવહ. મનમાં બેચેની અનુભવાય.
મિથુન:જામીન કે સાક્ષી જેવા કાર્યોથી દૂર રહેવું. પડોશીવર્ગ સાથે સંઘર્ષ થાય.
કર્ક: નવિન તકોનું સર્જન થાય. ભૌતિક કાર્યોમાં સફળતા મળે.
સિંહ: માનસિક ઉશ્કેરાટ અનુભવાય. આરોગ્ય બાબતે સાવધાની હિતાવહ.
કન્યા: આવક કરતા જાવકનુંપ્રમાણ વિશેષ રહે. મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે.
તુલા: નાણાંભીડ ઓછી થાય. દિવસ આનંદમય પસાર થાય.
વૃશ્ચિક:પ્રવાસ-મુસાફરીના યોગ છે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે.
ધન: જૂના મિત્રોથી લાભ મળે. રચનાત્મક કાર્યોમાં સફળતા મળે.
મકર: મોજ-શોખમાં ધન વપરાય. આવકમાં વૃધ્ધિ થાય.
કુંભ: સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
મીન: શત્રુઓ શરણે આવે. સમાધાનકારી વલણ અપનાવું હિતાવહ. પ્રવાસમાં લાભ.

### ૩૦ ટકા ગુજરાતીઓ કોંગ્રેસને આજે પણ વોટ આપે છે

# ગુજરાતમાં ૩૦ વિધાનસભા પર કોંગ્રેસ મજબૂત, ભાજપનો વોટશેર ઘટ્યો

## ચૂંટણી પંચના ડેટા મુજબ, ૨૦૧૯ની ચૂંટણીમાં તેનો વોટ શેર ૬૩.૧૧ ટકા હતો તે ઘટીને ૬૧.૮૬ ટકા થઈ ગયો છે

અમદાવાદ,તા.૬

ગુજરાતમાં ભાજપ ૪ બેઠકો નવસારી, ગાંધીનગર, વડોદરા અને પંચમહાલ સિવાય ક્યાંક પાંચ લાખથી વધુની લીડને પાર થઈ શકાયુ નથી. બનાસકાંઠા, જૂનાગઢ, ભરૂચ, પાટણ અને આણંદ એમ પાંચેક લોકસભા ક્ષેત્રો હેઠળની ૩૦ વિધાનસભાઓમાં આ ચૂંટણીની અસર રહી છે. અહીં ભાજપનું જોર ઘટયું છે. અઢી વર્ષ પહેલાં વિધાનસભાની ચૂંટણીમાં આપ અને કોંગ્રેસે અલગ અલગ ચૂંટણી લડતાં કોંગ્રેસ ૧૭ સીટો પર સમેટાઈ ગઈ હતી. લોકસભાની ચૂંટણીની લાંબો ટાઈમ અસર રહી તો બનાસકાંઠા, ખેડા જિ.પંચાયત અને ૭૫ પાલિકાઓમાં કોંગ્રેસ ફાવે તેવી સંભાવના છે? વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હોમ ટાઉનમાં તમામ ૨૬ બેઠકો જીતીને હેટ્રીક ફટકારવાના પ્રયાસમાં મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસે બનાસકાંઠા બેઠક કબજે કરી ભાજપને ઝટકો આપ્યો છે. ભારતીય જનતા પાર્ટી (BJP) એ ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોમાંથી ૨૫ બેઠકો જીતી હતી, પરંતુ ચૂંટણી પંચના ડેટા મુજબ, ૨૦૧૯ની ચૂંટણીમાં તેનો વોટ શેર ૬૩.૧૧ ટકા હતો તે ઘટીને ૬૧.૮૬ ટકા થઈ ગયો છે.

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ના ગઠબંધનનો વોટશેર ૩૩.૯૩ ટકા રહ્યો છે. જેમાં કોંગ્રેસનો વોટ શેર ૩૧.૨૪ ટકા છે. છેલ્લા ત્રણ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનો વોટશેર ૩૧ ટકાની આસપાસ રહ્યો છે. ૩૦ ટકા ગુજરાતીઓ કોંગ્રેસને આજે પણ વોટ આપે છે.

આમ આદમી પાર્ટી (AAP) ભરૂચ અને ભાવનગર બેઠકો જીતી શકી નથી. આપના બંને ધારાસભ્યોને ઝટકો લાગ્યો છે. ગુજરાતમાં વિપક્ષ એક થઈને લડયો તેમાં સૌથી વધુ વસ્તી અને ક્ષેત્રફળ ધરાવતા બનાસકાંઠા જેવા મોટા જિલ્લામા કોંગ્રેસને જીત મળી છે. ભાજપનો એકાધિકાર તુટ્યો છે. લોકતંત્રની આ જ ખુબી આગમી સમયમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત, ૧૨ તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં કોંગ્રેસના પગપેસારા માટેનો રસ્તો ખોલી આપે તો નવાઈ નહી બનાસકાંઠા સાથે સપ્ટેમ્બર પછી ખેડા જિલ્લા પંચાયત અને તેના તાબાની પાંચ તાલુકા પંચાયતો તેમજ રાજયમા ૭૫થી વધારે નગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપ સામે એક મજબૂત પડકાર ઉભો થશે.

સપ્ટેમ્બર પછી છ હજાર ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે. રાજકીય પક્ષના નિશાન વગર યોજાતી સરપંચોની ચૂંટણી એ પણ વિધાનસભા અને લોકસભા ચૂંટણીમાં હારજીતના સમીકરણો નક્કી કરતી હોવાથી આગામી સમય રસપ્રદ બની રહેશે.

### નીતિશ કુમારે ચિત્ર સ્પષ્ટ કરી દીધું

# કેન્દ્રમાં અવિલંબ સરકાર ગઠન થવી જોઈએ : નીતિશ

## બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની આ જાહેરાત બાદ તમામ રાજકીય કિંતુ-પરંતુ પર વિરામ લાગી ગયો છે

નવી દિલ્હી, તા.૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામ સામે આવી ચુકયા છે. દેશની જનતાએ એનડીએને સ્પષ્ટ બહુમત આપ્યો છે. ભાજપની આગેવાનીમાં એનડીએ સતત ત્રીજી વાર સરકાર બનાવવાની સ્થિતિમાં છે. આ દરમ્યાન દેશની રાજધાની દિલ્હીમાં બુધવારે એનડીએના ઘટક દળના ટોચના નેતાઓની બેઠક થઈ.

સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે ટીડીપી નેતા ચંદ્રબાબૂ નાયડૂ પણ સામેલ થયા. સીએમ નીતિશ કુમારે એનડીએને ફુલ સપોર્ટ આપતા કહ્યું કે, કેન્દ્રમાં અવિલંબ સરકાર ગઠન થવી જોઈએ. નીતિશ કુમારની આ જાહેરાત બાદ તમામ રાજકીય કિંતુ-પરંતુ પર વિરામ લાગી ગયો છે. લોકસભા ચૂંટણીના પરિણામ અનુસાર, ભારતીય જનતા પાર્ટીને ૨૪૦ સીટો મળી છે, જે પૂર્ણ બહુમતથી ૩૨ સીટો ઓછી છે. મુખ્ય સહયોગી એન.ચંદ્રબાબૂ નાયડૂની તેલુગુ દેશમ પાર્ટી અને નીતિશ કુમારની જેડીયૂએ આંધ્ર પ્રદેશ અને બિહારમાં ક્રમશઃ ૧૬ અને ૧૨ સીટો જીતી છે. આ બંને અને અન્ય ગઠબંધન સહયોગીઓના સમર્થનથી એનડીએ બહુમતનો આંકડો પાર કરી લીધો છે. ભારતીય જનતા પાર્ટીએ લોકસભામાં સ્પષ્ટ બહુમતથી પાછળ રહેવાના કારણે આ વખતે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર કિંગમેકરની ભૂમિકા નિભાવી રહ્યા છે.

જનતા દળ યૂનાઈટેડ જેડીયૂ પ્રમુખ નીતિશ કુમારે એનડીએમાં આવતા પહેલા વિપક્ષી ગઠબંધન ઈંડિયના ગઠનમાં પણ મહત્વની ભૂમિકા નિભાવી હતી. આપને જણાવી દઈએ કે, નીતિશ કુમારની પહેલ પર જ વિપક્ષી પાર્ટીઓ એકજૂટ થવા લાગી હતી. શરદ પવારથી લઈને ડાબેરીઓ, રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, તેજસ્વી યાદવ જેવી ક્ષેત્રિય પાર્ટીઓ પણ ઈંડિયા ગઠબંધનનો ભાગ બની હતી. જો કે, બાદમાં નીતિશ કુમારે બિહારમાં મહાગઠબંધનનો સાથ છોડીને એનડીએમાં સામેલ થઈ ગયા, સાથે જ તેઓ ઈંડિયા ગઠબંધનથી પણ અલગ થઈ ગયા હતા.

### અબકી બાર હવે ગઠબંધન સરકાર

# ભાજપને બહુમત ન મળતાં એનડીએની સરકાર માટે નાયડુ અને નીતિશ મજબૂરી બની ગયા

## નીતિશથી લઈને નાયડુએ મંત્રાલયોની ડિમાન્ડોનું લિસ્ટ ભાજપને સોંપી દીધું

અમદાવાદ,તા.૬

દેશમાં ભાજપને બહુમત ન મળતાં એનડીએની સરકાર માટે નાયડુ અને નીતિશ મજબૂરી બની ગયા છે. ગુજરાતમાંથી ભલે ૨૬માંથી ૨૫ સીટો પર ભાજપ વિજેતા બન્યું છે પણ NDAની મજબૂરીમાં ગુજરાતે સૌથી વધારે સહન કરવું પડશે. નીતિશથી લઈને નાયડુએ મંત્રાલયોની ડિમાન્ડોનું લિસ્ટ ભાજપને સોંપી દીધું છે. દિલ્હીની ૨.૦ સરકારમાં ગુજરાત પાસે ૭ મંત્રાલયો હતા. ભાજપે દર્શના જરદૌશ અને મહેન્દ્ર મુંજપરાને તો ટિકિટ જ આપી નથી પણ જેપી નડ્ડા, જયશંકર, માંડવિયા અને અમિત શાહને સાચવવામાં સૌથી મોટો ઘડો લાડવો રૂપાલા, દેવુસિંહ ચૌહાણનો થવાનો છે. આમ પણ રૂપાલાના વિવાદને કારણે ભાજપ ફરી એમને મંત્રાલય સોંપે તેવી સંભાવના નથી. મોદીના એક સમયે ખાસ ગણાતો રૂપાલાથી મોદી નારાજ હોવાથી રૂપાલાની જીત છતાં મંત્રાલય મળે તેવી સંભાવના નથી પણ પાટીલનો સમાવેશ કેવી રીતે કરવો એ ભાજપ માટે સૌથી મોટો માથાનો દુખાવો બની શકે છે.ગુજરાતમાં પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલનો કાર્યકાળ પૂરો થઈ ગયો હોવા છતાં ભાજપે લોકસભા સુધી એમને જવાબદારી સોંપી હતી. પાટીલ દિલ્હી જવા માટે થનગની રહ્યાં છે. ગુજરાતમાં સૌથી વધારે લીડથી જીતનાર નેતા છે. એમના કાર્યકાળમાં ભાજપ ૧૫૬ સીટો જીતવાની સાથે રાજ્યમાં ૨૫ લોકસભા સીટો પર વિજેતા બન્યું છે. સીઆર પાટીલ પાસે હવે પ્રદેશ અધ્યક્ષનું કાર્યકારી પદ છે. ભાજપ સામે સૌથી મોટુ સંકટ હવે ગઠબંધન સરકાર છે. સહયોગીઓને સાચવવામાં ભાજપ પાસે મંત્રાલયો ઘટવાની સાથે ભાજપે ગુજરાતને બદલે બીજા રાજ્યો પર ફોકસ વધારવું પડશે. જેને પગલે મંત્રાલયો બીજા રાજ્યોમાં વહેંચાય તેવી પણ પૂરી સંભાવના છે. ગુજરાતની સ્થિતિ જોઈએ તો ગુજરાતના ભાગે ૭ મંત્રાલયો હતા. જેમાં વિદેશમંત્રી જયશંકર ગુજરાતમાંથી રાજયસભાના સાંસદ હોવાથી એમનું કેબિનેટ પદ પાક્કું છે. અમિત ભાઈ શાહ પણ કેબિનેટ મંત્રી બનશે. હવે માંડવિયા અને રૂપાલા બંને પાટીદાર નેતાઓ છે. રૂપાલા કપાય તો જ માંડવિયાને ફરી લોટરી લાગી શકે છે. ભાજપ માટે વિકટની સ્થિતિ એ છે કે જેપી નડ્ડા પણ ગુજરાતમાંથી રાજયસભાના સાંસદ છે. હવે નડ્ડાને પણ ગુજરાતમાંથી મંત્રાલય અપાય તો દેવુસિંહ ચૌહાણને ઝટકો લાગી શકે છે.ભાજપ દેવુસિંહ ચૌહાણ, મહેન્દ્ર મુંજપરા, દર્શનાબેન જરદૌશ અને રૂપાલાનું મંત્રાલય કાપે તો પણ ગુજરાતમાંથી ૪ મોટા નેતાઓને કેબિનેટ મંત્રાલય સોંપવું પડે. જેમાં પાટીલના કેબિનેટ મંત્રી બનવાના સપનાં રોળાઈ જવાની પૂરી સંભાવના છે.

મોદી અને અમિત શાહ માટે આગામી સમય વિકટ બની રહેવાનો છે. જેમાં સૌથી વધારે ભોગ ગુજરાત બને તો નવાઈ નહીં... નડ્ડા અને જયશંકર ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ હોવાથી ૨ ગુજરાતી નેતાઓ કપાઈ જશે. હવે વિકટ સ્થિતિ સીઆર પાટીલને સાચવવાની છે. આ પહેલાં પણ સીઆર પાટીલને ચૂંટણી પહેલાં મંત્રાલયમાં સમાવેશ કરવાની તૈયારીઓ કરાઈ હતી પણ વિસ્તરણ અટકી જતાં પાટીલ રહી ગયા હતા.

હવે ગઠબંધન સરકાર છે. નાયડુ અને નીતિશ સહિતના સહયોગીએ મોઢું ફાડીને બેઠા છે. ભાજપ ગુજરાતમાં એક સાથે પથી વધારે મંત્રાલયનો હવાલો સોંપે તો બીજા રાજ્યોમાં ડખા થાય. આગામી સમયમાં મહારાષ્ટ્રમાં ચૂંટણી છે. ભાજપ માટે મહારાષ્ટ્રને સાચવવું એ પણ મજબૂરી છે.

### TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે

# રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે મોટો ખુલાસો સામે આવ્યો

## સરકારે હાઈકોર્ટમાં કરેલ સોગંદનામામાં કર્યો સ્વીકાર આપી નહોતી મંજૂરી

રાજકોટ,તા.૬

રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે મોટો ખુલાસો સામે આવ્યો છે. સરકારે અગ્નિકાંડને લઈને હાઈકોર્ટમાં સોગંદનામું કર્યું. આ સોગંદનામામાં સરકારે સ્વીકાર કર્યો છે કે ગેમઝોનની મંજૂરી નહોતી આપવામાં આવી. આ મામલાની આવતીકાલે વિગતવાર સુનાવણી હાથ ધરવામાં આવશે. સરકારે કહ્યું કે ગેમઝોનને કાયમી સ્ટ્રક્ચર ગણવામાં આવશે અને તે મુજબ કાર્યવાહી થશે.

અગ્નિકાંડમાં ૨૭ જેટલા લોકોના મોત થતા રાજ્યભરમાં મોટો ઉહાપોહ મચ્યો હતો. આ મામલામાં જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરાયા અને બદલીઓ પણ કરાઈ હતી. અગ્નિકાંડ કિસ્સામાં સરકાર પોતે જ ફરિયાદી બનતા ઘટનાની તપાસ SITને સોંપવામાં આવી છે. SITને સોંપવામાં આવેલ રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. SITએ પોતાના રિપોર્ટમાં ૧૦ મહત્વના મુદ્દાને ધ્યાનમાં રાખ્યા છે. SIT સમગ્ર ઘટનામાં પોલીસ વિભાગ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ માર્ગ અને મકાન વિભાગની ગંભીર બેદરકારીનો ઉલ્લેખ કર્યો. ગેમઝોનમાં કોઈપણ બાબતની તપાસ કર્યા વગર પરફોર્મન્સ લાયસન્સ આપવામાં આવ્યું હોવાનો રિપોર્ટમાં ઉલ્લેખ કર્યો છે. ગેમ ઝોનમાં એન્ટ્રી અને એક્ઝિટ માટે માત્ર એક જ રસ્તો હતો અને તે પણ શેડમાં બાંધેલો હતો. ઈમરજન્સી દરમિયાન જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી ન હતી.

રાજકોટ મ્યુનિસિપલ વિભાગ ગેમઝોનને લઈને તપાસ અને ચકાસણી કર્યા વગર ત્રણ વર્ષ સુધી આંખ આડા કાન કરતા આ દુર્ઘટના બનવા પામી. આ મામલે હવે હાઈકોર્ટમાં કરાયેલ સોગંધનામામાં પણ સરકારે બેદરકારી થઈ હોવાનો સ્વીકાર કર્યો છે. હાઈકોર્ટમાં રાજકોટ ટીઆરપી ઝોન અગ્નિકાંડ મામલાની કાલે સુનાવણી થશે.

### કોંગ્રેસ પાર્ટી પણ મૂંઝવણમાં કેવી રીતે સમજાવવું

# ભારતના 'નોક આઉટ' નાણા એકઠા કરવા મહિલા કોંગ્રેસ હેડક્વાર્ટર પહોંચી

## કોંગ્રેસ હજુ સુધી સરકાર બનાવવા માટે બહુમતી મેળવી શકી નથી, પરંતુ હવે આ અંગે હોબાળો શરૂ થયો છે




નવીદિલ્હી,તા.૬

લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે તેના ઢંઢેરામાં મહિલાઓને ગેરંટી કાર્ડ આપીને એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી, જો કે કોંગ્રેસ હજુ સુધી સરકાર બનાવવા માટે બહુમતી મેળવી શકી નથી, પરંતુ હવે આ અંગે હોબાળો શરૂ થયો છે. પરિણામો આવ્યા બાદ બુધવારે સવારે મોટી સંખ્યામાં મહિલાઓ ગેરંટી કાર્ડ લઈને પ્રદેશ કોંગ્રેસ મુખ્યાલયની બહાર પહોંચી હતી.

લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે તેના ઢંઢેરામાં મહિલાઓને ગેરંટી કાર્ડ આપીને એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી, જો કે કોંગ્રેસ હજુ સુધી સરકાર બનાવવા માટે બહુમતી મેળવી શકી નથી, પરંતુ હવે આ અંગે હોબાળો શરૂ થયો છે.

મહિલાઓએ કહ્યું કે કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં ગેરંટી કાર્ડ આપીને એક લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું, જે તેઓ લેવા આવ્યા છે. મહિલાઓનો આરોપ છે કે તેમને કોંગ્રેસ હેડક્વાર્ટરની અંદર જવા દેવામાં આવી નથી. ગેટ પર હાજર લોકોએ કહ્યું કે હજુ તેમના કાર્ડ ઉપલબ્ધ નથી.આ અંગે પ્રદેશ કોંગ્રેસ ઉપાધ્યક્ષ દિનેશ સિંહે જણાવ્યું હતું કે કોંગ્રેસે ચૂંટણી પહેલા ગેરંટી કાર્ડ બહાર પાડ્યું હતું, જેમાં સરકાર બન્યા બાદ ૧ લાખ રૂપિયા આપવામાં આવશે તેવું કહેવામાં આવ્યું હતું. ચૂંટણી પહેલા મોટી સંખ્યામાં લોકોને આ કાર્ડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આજે સવારે જ્યારે મહિલાઓ આવી ત્યારે ઓફિસ સ્ટાફે કેટલીક મહિલાઓને કાર્ડનું વિતરણ પણ કર્યું હતું, પરંતુ હવે આ અંગે વધુ નિર્ણય લેવામાં આવશે. એકંદરે કોંગ્રેસ દ્વારા જાહેરાત બાદ પરિણામ આવી ગયા છે. ગેરંટી કાર્ડને લઈને લોકોમાં ચર્ચાઓ ચાલી રહી છે. હવે સરકાર ન બની રહી હોવાથી કોંગ્રેસ પણ મુશ્કેલીનો સામનો કરી રહી છે, આવી સ્થિતિમાં ચૂંટણી પહેલા ગેરંટી કાર્ડની જાહેરાત અંગે જનતાને કેવી રીતે સમજાવવું.

# સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી, રાજકોટમાં ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટની FIR ઉપર સ્ટે મૂક્યો


**સુપ્રીમના નિર્દેશનો અર્થ એ છે કે, ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રતિબંધ) અધિનિયમ હેઠળ દાખલ કરાયેલી તમામ FIR નહીં પરંતુ માત્ર ચોક્કસ FIR ઉપર સ્ટે મૂકવો**



નવી દિલ્હી તા.૬

એડવોકેટ વિરાટ પોપટ દ્વારા રજૂ કરાયેલ અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં તેમની સામેની એફઆઈઆરની નોંધણીને પડકારવા સાથે જમીન કબજે (પ્રતિબંધ) કાયદાની બંધારણીયતાને પડકારવામાં આવી હતી. મે મહિનામાં જમીન હડપ (પ્રતિબંધ) અધિનિયમને બંધારણીય રીતે માન્ય ગણતા ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અરજીમાં સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ગુજરાતને નોટિસ પાઠવી હતી. જસ્ટિસ સંજય કુમાર અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ડિવિઝન બેન્ચે પણ વચગાળામાં અપીલકર્તાઓ સંબંધિત એફઆઈઆરમાં આગળની કાર્યવાહી ઉપર રોક લગાવી હતી અને નોટિસને ઓગસ્ટમાં પરત કરી શકાય તેવી રાખી હતી. અપીલકર્તાઓ, કિશન બોરીયા, ગોવિંદ બોરીયા અને ભરત બોરીયા, રાજકોટમાં જિલ્લાના કોઠારીયા ગામમાં જમીનની ખરીદી અંગે પ્રથમ માહિતી અહેવાલ (FIR)નો સામનો કરી રહ્યા છે. અરજદારોએ કહ્યું છે કે તેઓ સાચા ખરીદદારો છે અને તેઓએ ૨૦૧૯માં રાજકોટના સિવિલ જજ સમક્ષ પેન્ડિંગ સિવિલ સુટમાં ઘોષણા કરી હોવા છતાં, તેઓ મિલકતમાં તેમના અધિકારોને છોડી દેવા માટે તૈયાર છે અને ઈચ્છુક છે, તેમ છતાં તેમની સામે નવેમ્બર-૨૧માં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. એડવોકેટ વિરાટ પોપટ દ્વારા રજૂ કરાયેલ અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં તેમની સામેની એફઆઈઆરની નોંધણીને પડકારવા સાથે જમીન કબજે (પ્રતિબંધ) કાયદાની બંધારણીયતાને પડકારવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે ૯મી મેના રોજ આપેલા ચુકાદામાં કાયદાની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યા બાદ સોથી વધુ અરજીઓનો સમૂહ ફગાવી દેતા રાજ્યના તંત્ર માટે આ કાયદા હેઠળ ફોજદારી અને સિવિલ કાર્યવાહી હાથ ધરવા માટેના દરવાજા ખુલી ગયા. સુપ્રીમના નિર્દેશનો અર્થ એ છે કે, માત્ર અપીલકર્તાઓ સંબંધિત ચોક્કસ એફઆઈઆર ઉપર રોક લગાવો અને એક્ટ હેઠળ નોંધાયેલી તમામ એફઆઈઆર ઉપર નહીં. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની ઘોષણા બાદ, કેટલાક અરજદારોના વકીલોએ વિનંતી કરી હતી કે, કાયદા હેઠળ નોંધવામાં આવેલી એફઆઈઆર ઉપરની આગળની કાર્યવાહી ઉપર સ્ટેના માર્ગે આપવામાં આવેલી વચગાળાની રાહત ૩૦ જુલાઈ સુધી લંબાવવામાં આવે. કારણ કે, સુપ્રીમ કોર્ટ ૮ જુલાઈના રોજ ફરીથી ખુલશે. જો કે, હાઈકોર્ટ દ્વારા એવા સાદા કારણોસર વિનંતીને નકારી કાઢવામાં આવી હતી કે દલીલની શરૂઆતમાં તેમાં સંમતિ આપવામાં આવી હતી કે કોર્ટ ફક્ત કાયદાની માન્યતા ઉપર જ તપાસ કરશે અને વ્યક્તિ કેસોની યોગ્યતા જોવામાં આવશે નહી.

# ભારતીય શહેરોમાં તાપમાન શા માટે વધી રહ્યું છે ?




કોલકતા તા.૬

ભારતના મેટ્રોપોલિટન શહેરો સામાન્ય રીતે મે, જૂન અને જુલાઈમાં વધુ તાપમાન હોય છે. હજુ તો જૂન શરૂ થયો નથી ત્યારે ઉત્તર અને મધ્ય ભારતનો મોટો હિસ્સો પહેલેથી જ તીવ્ર હીટવેવથી ઝઝૂમી રહ્યો છે. તાજેતરમાં દિલ્હી અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં ૫૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું હતું. અમુક સ્થાનોએ સાંજના વરસાદ પછી, રાષ્ટ્રીય રાજધાનીમાં હવામાનમાં સુધારો થયો, અને તાપમાન ઘટીને ૪૧.૮ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું. અન્ય શહેરોમાં, મુંબઈમાં ૩૩ ડિગ્રી સેલ્સિયસ, બેંગ્લોરમાં ૩૦.૪ ડિગ્રી સેલ્સિયસ અને ચેન્નાઈમાં ૩૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

ભારતના મેટ્રોપોલિટન શહેરો સામાન્ય રીતે મે, જૂન અને જુલાઈમાં વધુ તાપમાન હોય છે. આ શહેરોની ગરમી, અનેક અસરને આભારી છે, જે શહેરોને તેમની આસપાસના વિસ્તારો કરતાં નોંધપાત્ર રીતે વધુ ગરમ રાખે છે.

**અર્બન હીટ આઇલેન્ડ અસર શું છે ?**

સરળ શબ્દોમાં કહીએ તો, અર્બન હીટ આઈલેન્ડની અસર ત્યારે થાય છે જ્યારે શહેરી વિસ્તારો તેમના ગ્રામીણ આસપાસના વિસ્તારો કરતાં વધુ તાપમાન રેકોર્ડ થાય છે. આ મોટે ભાગે માનવીય પ્રવૃત્તિઓ, ઈમારતો અને શહેરી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે થાય છે જે કુદરતી લેન્ડસ્કેપ્સ કરતાં વધુ અસરકારક રીતે ગરમીને શોષી લે છે અને જાળવી રાખે છે. નોંધનીય છે કે આ વધતું જતું તાપમાન માત્ર ભારત પૂરતું મર્યાદિત નથી પણ સમગ્ર વિશ્વમાં સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. વૈજ્ઞાનિકોના મતે ભારતમાં આ વધુ પડતી ગરમીનું એક કારણ અલ નિનો ઈફેક્ટ છે, જે વૈશ્વિક હવામાન પેટર્નમાં બદલાવ માટે જવાબદાર ગણવામાં આવે છે.

**અલ નીનો અસર શું છે ?**

અલ નીનો પેસિફિક મહાસાગરના ભાગોમાં અસામાન્ય રીતે ગરમ સમુદ્રના તાપમાન દ્વારા વર્ગીકૃત થયેલ છે. તે દરિયાની સપાટીના તાપમાનમાં પણ વધારો કરે છે. અલ નિનો ચક્ર ૨૦૨૩માં શરૂ થયું હતું અને તેની અસર આ વર્ષે જૂન સુધી રહેવાની અપેક્ષા છે. આ વર્ષે ભારે ઉનાળા માટે તે જવાબદાર છે. જો કે, ટૂંક સમયમાં અલ નીનો નબળો પડવા લાગશે અને લા નીના અસર આવશે. લા નીનાએ પેસિફિક મહાસાગરમાં પાણીની ઠંડક છે. તે અનિયમિત અંતરાલો ઉપર થાય છે, લા નિનો હવામાન પેટર્નમાં વ્યાપક ફેરફારો સાથે સંકળાયેલ છે. લા નીના અસર બાદ ભારતમાં આ વર્ષે સારું ચોમાસું જોવા મળે તેવી શક્યતા છે.

**હીટવેવ શા માટે થાય છે ?**

આપણા વાતાવરણ અને મહાસાગરોમાં થતા ઘણા ફેરફારો દેશના ઉત્તર મધ્ય અને પૂર્વીય ભાગોમાં હીટવેવ આવે છે. તે ખૂબ જ ખતરનાક છે કારણ કે તે આપણા શરીરમાં ગરમીને ઉત્તેજિત કરે છે.

**શુષ્ક ગરમી :**

જ્યારે તાપમાન વધે છે પરંતુ જો ભેજ ઓછો રહે છે ત્યારે શુષ્ક ગરમી થાય છે. આ તીવ્ર ગરમીમાં, શરીર માટે પરસેવા દ્વારા તેનું તાપમાન ઠંડું કરવું મુશ્કેલ બની જાય છે. આ ડિહાઈડ્રેશન અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાઓ તરફ દોરી શકે છે. મધ્ય અને ઉત્તર પશ્ચિમ ભારતમાં ઉનાળામાં ભેજની શક્યતા ઓછી હોય છે, તેથી, આ પ્રદેશમાં શુષ્ક ગરમીના કેસોની મોટી સંખ્યામાં થાય છે.

**ભેજવાળી ગરમી :**

આ ભેજવાળી ગરમીનો અનુભવ ત્યારે થાય છે જ્યારે ભેજ વધતા તાપમાન સાથે ભળી જાય છે. આ સ્થિતિમાં, શરીર પરસેવો અને ગરમીને કારણે પોતાને ઠંડું કરવામાં નિષ્ફળ જાય છે. ઓડિશા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને મહારાષ્ટ્ર જેવા પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારોમાં લોકોને આવી સ્થિતિનો સામનો કરવો પડે છે. જ્યારે ચોમાસાની ઋતુમાં તાપમાન ઊંચું હોય ત્યારે આ પ્રદેશોમાં ભેજવાળી ગરમીના કેસો વધુ હોય છે.

IMD દ્વારા તાજેતરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે છેલ્લા ૪૦ વર્ષોમાં, ભારતમાં (૧૯૮૦થી ૨૦૨૦ વચ્ચે), વધતા તાપમાન સાથે ભેજને કારણે ગરમીના કેસોમાં ૩૦% વધારો થયો છે. આ સમયગાળા દરમ્યાન મધ્ય ભારત, ઉત્તર પશ્ચિમ ભારત અને પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારોમાં સરેરાશ હીટ ઈન્ડેક્સ તેમના સામાન્ય ઉનાળાના તાપમાન કરતાં ૪થી ૫ ડિગ્રી સેલ્સિયસ વધુ જોવા મળ્યો હતો.

# ચીને જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા ઉપર પાકિસ્તાની સૈન્ય સમર્થન વધાર્યું

નવી દિલ્હી તા.૬

અધિકારીઓએ જણાવ્યું હતું કે, પાકિસ્તાનના મુખ્ય સાથી ચીન છેલ્લા ત્રણ વર્ષથી જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા (એલઓસી) ઉપર પાકિસ્તાની સેનાની સંરક્ષણ ક્ષમતાઓને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહ્યું છે જેમાં સ્ટીલહેડ બંકરોનું નિર્માણ અને માનવરહિત એરિયલ અને કોમ્બેટ એરિયલ વાહનોની જોગવાઈનો સમાવેશ થાય છે. ચીનની સહાય LoC ઉપર અત્યંત એનક્રિપ્ટેડ કોમ્યુનિકેશન ટાવરની સ્થાપના અને ભૂગર્ભમાં ફાઈબર કેબલ નાખવા સુધી માટે પણ વિસ્તરી છે. ચીની મૂળની અદ્યતન રડાર સિસ્ટમ્સ, જેમ કે ‘JY’ અને ‘HGR’ શ્રેણી, મધ્યમ અને ઓછી ઉંચાઈ ઉપર લક્ષ્ય શોધવાની ક્ષમતાને વધારવા માટે તૈનાત કરવામાં આવી છે, જે લશ્કર અને હવાઈ સંરક્ષણ એકમો માટે નિર્ણાયક ગુપ્તચર સહાય પૂરી પાડે છે. LoC ઉપર વિવિધ સ્થળોએ એક ચીની પેઢી દ્વારા ઉત્પાદિત 155 mm ટ્રક-માઉન્ટેડ હોવિત્ઝર બંદૂક, SH-15ની હાજરી જોવા મળી છે. આ પગલાને પાકિસ્તાન સાથે ચીનના સંબંધોને મજબૂત કરવાના પ્રયાસોના ભાગ રૂપે જોવામાં આવે છે અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં ખાસ કરીને ચીન- પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) સાથે સંબંધિત ચીનના સહાય રોકાણને સુરક્ષિત રાખવાના પ્રયાસો છે. અધિકારીઓએ જણાવ્યું કે, કેટલાક અવરોધો સૂચવે છે કે ચીનના સૈનિકો અને એન્જિનિયરો ભૂગર્ભ બંકરો બનાવવા સહિત, LoC ઉપર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના કરી રહ્યા છે. તેઓએ જણાવ્યું કે, ચીની નિષ્ણાતો પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)ની લીપા ખીણમાં ટનલ નિર્માણમાં રોકાયેલા હતા, જે કારાકોરમ હાઈવે સાથે જોડવા માટે તમામ હવામાન માર્ગની તૈયારીનો સંકેત આપે છે. આ વ્યૂહાત્મક પગલું બેઈજિંગના મહત્વાકાંક્ષી ૪૬-બિલિયન-ડોલરના CPEC પ્રોજેક્ટ સાથે જોડાયેલું છે, જેનો ઉદ્દેશ્ય ચીનના ગેરકાયદે કબજા હેઠળના વિસ્તાર કારાકોરમ હાઈવે દ્વારા પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ અને ચીનના શિનજિયાંગ પ્રાંત વચ્ચે સીધો માર્ગ સ્થાપિત કરવાનો છે.

# જીએસએફસી ખાતે ફાયર સેફ્ટીનો કોર્ષ કરવા જેવો ખરો. ચાર વર્ષનો કોર્ષ કરીને રોમાંચક કારકિર્દીમાં જોડાવ

**GSFC યુનિવર્સિટીએ ફાયર એન્ડ એન્વાયરમેન્ટ, હેલ્થ, સેફ્ટીમાં ૪ વર્ષનો પૂર્ણ સમયનો બેચલર ડિગ્રી પ્રોગ્રામ શરૂ કર્યો છે. વર્ષ ૨૦૧૯માં ગુજરાતમાં આ પ્રોગ્રામ શરૂ કરનાર GSFC યુનિવર્સિટી પ્રથમ ખાનગી યુનિવર્સિટી છે. GSFC યુનિવર્સિટી દ્વારા આ કોર્ષ કેમ શરૂ કરવામાં આવ્યો તેના પરિપ્રેક્ષ્યમાં વાત કરૂં તો ઝડપી ઔદ્યોગિકીકરણ, નવી ટેક્નોલોજીના વિકાસ અને મિલકત અને જીવનની સલામતી અને સર્વાંગી સલામતી સુનિશ્ચિત કરવા માટે વિવિધ કાયદાના અમલીકરણને ધ્યાનમાં રાખીને ફાયર એન્ડ સેફ્ટીનો વિષય ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગયો છે. ભારતમાં ઘણી ઓછી એન્જિનિયરિંગ કોલેજો/સંસ્થાઓ છે જ્યાં ફાયર એન્ડ સેફ્ટી કોર્સનો કોર્સ યોગ્ય માળખાકીય સુવિધાઓ સાથે ઉપલબ્ધ છે.**



આજકાલ ફાયર સેફ્ટીને લઈને ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. તાજેતરમાં જ રાજકોટ ખાતે એક ગેમીંગ ઝોનમાં ભયાનક આગ ફાટી નીકળતા ૨૮ લોકો જીવતે જીવત ભડથુ થઈ ગયા હતા અને ફાયર સેફ્ટીની વ્યવસ્થામાં કેટલા છીંડા છે તે બહાર આવ્યા છે. અગાઉ પણ અમદાવાદની શ્રેય હોસ્પિટલ, રાજકોટની ઉદય શિવાનંદ હોસ્પિટલ, સુરતના તક્ષશીલા આર્કેડ અને ભરૂચની રેફરલ હોસ્પિટરમાં આગ ફાટી નીકળતા લોકોના કરૂણ મોત નીપજ્યા હતા ત્યારે લોકોમાં ચર્ચા થઈ રહી છે રાજ્ય સરકારમાં ફાયર સેફ્ટી વિભાગમાં ક્યાંકને ક્યાં ઉણપ છે. ઉચ્ચ ગુણવત્તાની તાલીમ પામેલા અને પ્રામાણિક નિષ્ણાતોની જરૂરિયાત ઊભી થઈ છે. બીજી બાજુ આટલો બધો ઊહાપોહ થતા ખાનગી સંસ્થાનો દ્વારા પણ પોતાની મોટી મોટી બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટી ઓફિસરની નિમણૂક કરવાની તાતી જરૂરિયાત છે. એટલું જ નહિ હવે તો રાજ્ય સરકાર દ્વારા નક્કી કર્યા મુજબ જો તમને સરકારી નોકરીમાં ના જવું હોય તો ફાયર સેફ્ટી ઓફિસર એટલે કે એફએસઓ તરીકે કન્સ્લ્ટન્ટ તરીકે પણ કામ કરી શકો છો અને લોકોની સેફ્ટીની ખાતરી સાથે આવક પણ રળી શકો છો. મહારાષ્ટ્રમાં નાગપુર ખાતે શ્રેષ્ઠ ફાયર સેફ્ટી અને ઈમરજન્સી સર્વિસની કોલેજ આવેલી છે. ઉપરાંત અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે પણ એક કોલેજ છે. પરંતુ આજે આપણે વાત કરવી છે ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની એટલે કે જીએસએફસી યુનિવર્સિટી કે જે વડોદરા ખાતે આવેલી છે અને તેમાં ચાલી રહેલા ચાર વર્ષના કોર્ષની. તો મિત્રો આજના લેખાંકમાં આ કોર્ષ વિશે અને તેમાં મળી રહેલા સો ટકા પ્લેસમેન્ટ અને સંભવિત સેલેરી પેકેજ વિશે વાત કરીશું.

**બી. ટેક ઇન ફાયર એન્ડ એન્વાયરમેન્ટ, હેલ્થ, સેફ્ટી**

GSFC યુનિવર્સિટીએ ફાયર એન્ડ એન્વાયરમેન્ટ, હેલ્થ, સેફ્ટીમાં ૪ વર્ષનો પૂર્ણ સમયનો બેચલર ડિગ્રી પ્રોગ્રામ શરૂ કર્યો છે. વર્ષ ૨૦૧૯માં ગુજરાતમાં આ પ્રોગ્રામ શરૂ કરનાર GSFC યુનિવર્સિટી પ્રથમ ખાનગી યુનિવર્સિટી છે. GSFC યુનિવર્સિટી દ્વારા આ કોર્ષ કેમ શરૂ કરવામાં આવ્યો તેના પરિપ્રેક્ષ્યમાં વાત કરીએ તો ઝડપી ઔદ્યોગિકીકરણ, નવી ટેક્નોલોજીના વિકાસ અને મિલકત અને જીવનની સલામતી અને સલામતી સુનિશ્ચિત કરવા માટે વિવિધ કાયદાના અમલીકરણને ધ્યાનમાં રાખીને ફાયર એન્ડ સેફ્ટીનો વિષય ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયો છે. ભારતમાં ઘણી ઓછી એન્જિનિયરિંગ કોલેજો/સંસ્થાઓ છે જ્યાં ફાયર એન્ડ સેફ્ટી કોર્સનો કોર્સ યોગ્ય માળખાકીય સુવિધાઓ સાથે ઉપલબ્ધ છે. GSFC યુનિવર્સિટી એ GSFC લિમિટેડની કોર્પોરેટ પહેલ છે જેમાં ફાયર સ્ટેશન, ફાયર ટેન્ડર, ફાયર અને પર્યાવરણ, આરોગ્ય, સલામતી ક્ષેત્રે કુશળ અને વ્યાવસાયિકો છે જે સમાજને ઉદ્યોગ માટે તૈયાર ફાયર અને EHS એન્જિનિયરો બનાવવા માટે યોગ્ય વાતાવરણ પૂરૂ પાડે છે. તાજેતરમાં એક અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ GSFC યુનિવર્સિટીમાંથી ફાયર, એન્વાયર્નમેન્ટ, હેલ્થ એન્ડ સેફ્ટી (ફાયર અને EHS)માં બીટેકની ડિગ્રી મેળવનાર યુવા સ્નાતકો સારૂ એવું પ્લેસમેન્ટ મેળવી રહ્યાં છે. GSFC યુનિવર્સિટી ૨૦૧૯માં ફાયર અને EHSમાં ચાર વર્ષનો પૂર્ણ-સમયનો સ્નાતક ડિગ્રી પ્રોગ્રામ ઓફર કરનાર રાજ્યની પ્રથમ યુનિવર્સિટી બની હતી અને હાલમાં ૩૦ વિદ્યાર્થીઓની બેચ છે. છેલ્લા બે વર્ષમાં, યુનિવર્સિટીએ વિજ્ઞાન પ્રવાહમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓની ૧૦૦% પ્લેસમેન્ટ નોંધાયો છે. વાસ્તવમાં, ફાયર અને EHSમાં BTechને ઓફર કરવામાં આવેલ સૌથી વધુ પગાર પેકેજ આ વર્ષે કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગ (CSE)માં BTech ગ્રેજ્યુએટને ઓફર કરાયેલ પગાર પેકેજને પણ વટાવી ગયું છે. GSFC યુનિવર્સિટીમાં ૨,૧૫૨ વિદ્યાર્થીઓ છે, જેમાં ૮૭૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, જે સ્કૂલ ઓફ ટેક્નોલોજીમાં નોંધાયેલા છે જે ત્રણ એન્જિનિયરિંગ સ્ટ્રીમ્સ -ફાયર અને EHS, CSE અને કેમિકલ એન્જિનિયરિંગમાં BTech ઓફર કરે છે. આ વર્ષે ફાયર અને EHSમાં BTechના વિદ્યાર્થીને વાર્ષિક ૬.૫ લાખ રૂપિયાનું સૌથી વધુ પગાર પેકેજ મળ્યું છે.

૨૦૨૩-૨૪ સ્નાતક બેચનું સરેરાશ અથવા મધ્યમ પગાર પેકેજ વાર્ષિક રૂા.૩ લાખ છે. ગયા વર્ષે પણ, ફાયર અને EHSમાં બીટેકના વિદ્યાર્થીને વાર્ષિક ૬ લાખ રૂપિયાનું સૌથી વધુ પગાર પેકેજ ઓફર કરવામાં આવ્યું હતું. ગુજરાત ઝડપથી ઉદ્યોગોના રાજ્ય તરીકે ઉભરી રહ્યું હોવા છતાં અગ્નિ અને સલામતી ક્ષેત્રે પ્રોફેશનલ્સની તીવ્ર અછત છે તે હકીકતને ધ્યાનમાં રાખીને ૨૦૧૯માં ૨૫ વિદ્યાર્થીઓ સાથે પ્રથમ બેચ શરૂ કરી હતી, જેમાં ચાર વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. શરૂઆતમાં આ કાર્યક્રમને ઓછી સામાજિક સ્વીકૃતિ હતી. પરંતુ હવે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવી રહી છે અને વિદ્યાર્થીઓને પ્રતિષ્ઠિત કંપનીઓમાં ૧૦૦% પ્લેસમેન્ટ મળે છે. ગયા વર્ષે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડ, એલેમ્બિક ફાર્મા, જિંદાલ સો અને ચેન્નાઈ સ્થિત IMC, ભારતની અગ્રણી પોર્ટ ટર્મિનલિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીએ સ્નાતકોની ભરતી કરી હતી. આ વર્ષે, અદાણી ગ્રુપ, નિરમા લિમિટેડ, રિલાયન્સ રિટેલ અને સિગિલ ઈન્ડસ્ટ્રિયલ ગેસિસ ભરતી કરનારી કંપનીઓની યાદીમાં જોડાયા છે. કેમ્પસ ‘ફાયરપ્લેક્સ’થી સજ્જ છે અગ્નિ અને સલામતીની તાલીમ સંસ્થા, જે ગુજરાતના ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય નિર્દેશાલય દ્વારા માન્ય છે જેમાં ક્ષેત્રની તાલીમ આપવામાં આવે છે. BTech Fire & EHSના વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રી માટે તૈયાર રહેવા માટે કવાયતમાંથી પસાર થાય છે.

**પ્રવેશ લાયકાત શું અને પ્રવેશ પ્રક્રિયા શું હોય છે ?**

જો તમારે આ ચાર વર્ષના કોર્ષમાં પ્રવેશ મેળવવો હોય તો ધોરણ-૧૨ સાયન્સ સ્ટ્રીમમાં ૪૫ ટકા માર્ક સાથે પાસ કરેલું હોવું જોઈએ. આ કોર્ષની ગુજરાતની બેઠકો એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીષના માધ્યમથી થાય છે. આ ઉપરાંત ઓલ ઈન્ડિયા ક્વોટા અથવા મેનેજમેન્ટ ક્વોટા પણ કહેવામાં આવે છે તેનો પ્રવેશ યુનિવર્સિટી જાતે કરે છે. પ્રવેશ આપતી વખતે ગુજસેટ અથવા તો જેઈઈ મેઈન એક્ઝામમાં મળેલો સ્કોર પણ ધ્યાનમાં લેવામાં આવે છે. કુલ આઠ સમેસ્ટરનો કોર્ષ છે જેમાં ક્લાસરૂમ સ્ટડી, પ્રેક્ટીકલ અને ઈન્ટર્નશીપનો સમાવેશ થાય છે. સંસ્થામાં વિશાળ હોસ્ટેલ કેમ્પસ પણ છે. જો તમે અહી તમે બેચલર ડિગ્રી કોર્ષ કરો ત્યારબાદ માસ્ટર ડિગ્રી કોર્ષ પણ કરી શકો છો. આઠ સેમેસ્ટરનો કોર્ષ હોય છે અને કોર્ષની ફી એક સેમેસ્ટર દીઠ રૂા.૬૧૫૦૦ આસપાસ છે. વધુ વિગતો અને ઈન્કવાયરી કરવા માટે તમે સંસ્થાની વેબસાઈટ https:// www.gsfcuniversity.ac.in રીફર કરવાની રહેશે. તો મિત્રો જો તમારે પણ આવી કોઈ રોમાંચક કારકિર્દીમાં ઝંપલાવવું હોય તો જીએસએફસી જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સ્ટીમાં કોર્ષ કરવા માટે વિચારી શકાય ખરૂં.

**ફાયર સેફ્ટી કન્સલ્ટન્ટ તરીકેની કારકિર્દી**

મિત્રો અગાઉ માત્ર સરકારી નોકરી કે ખાનગી સંસ્થામાં નોકરીના જ વિકલ્પો હતા. પરંતુ હવે નોકરી ઉપરાંત કન્સ્લ્ટન્ટ તરીકે સ્વતંત્ર વ્યવસાય પણ શરૂ કરી શકો છો. કારણ કે જેમ સરકાર માન્ય આર્કીટેક્ટ અને સ્ટ્રક્ટરલ એન્જિનિયર હોય છે તેવી જ રીતે સરકાર દ્વારા ફાયર સેફ્ટી ઓફિસરની નિમણૂક કરવાની શરૂઆત કરી છે. તેના માટે ફાયર સેફ્ટી અને ઈમરજન્સી સર્વિસિસને લગતા માન્ય અભ્યાસક્રમ પાસ કરેલા હોવા જોઈએ અને ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા અમુક મહિનાની તાલીમ આપ્યા બાદ તેઓને માન્યતા આપવામાં આવે છે. ફાયર સેફ્ટી ઓફિસર જનરલ, ફાયર સેફ્ટી ઓફિસર એડવાન્સ અને ફાયર સેફ્ટી ઓફિસર સ્પેશિયાલિસ્ટ તરીકે ફરજ બજાવી શકો છો. ત્યારબાદ બિલ્ડીંગો અને સંસ્થાઓમાં ફાયર સેફ્ટીની દર વર્ષે રીન્યુઅલ માટેની એનઓસી આપવાનું કામ તેઓને કરવાનું હોય છે અને તેના માટે ફી ચાર્જ કરે છે. આથી આ એક નવી કારકિર્દીની દિશા મળી છે. https://fso.gujfiresafetycop.in ઉપર જઈને આ વિશે તપાસ કરી શકાય છે.

**નિષ્ણાંતો દ્વારા ચેતવણી**

નિષ્ણાતો દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ લોકોના જીવન સાથે જોડાયેલા કોર્ષ હોવાથી બેસ્ટ શિક્ષણ અને તાલીમ આપવું પડે. વળી નાગપુરની સંસ્થા સિવાયના કોર્ષમાં સરકારી નોકરી મળવી કે નહી તે એક પ્રશ્ન છે. આથી સરકારી નોકરી મળે તેવા કોર્ષીશ તૈયાર કરવા જોઈએ. અલબત ખાનગી નોકરી કે સલાહકાર તરીકે તો સેવા આપી જ શકાય છે. રાજ્યના ફાયર વિભાગમાં હાલમાં ત્રીસ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે ત્યારે જો સરકારી ધારા ધોરણો મુજબ ડિગ્રી મળી હોય તો સરકારી નોકરીની પણ ઉજળી તકો છો.

# ઉપરકોટ કિલ્લા ખાતે 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે ઈકો-ફ્રેન્ડલી ચીજવસ્તુઓનું પ્રદર્શન યોજાયું

## પોસ્ટર પેઈન્ટીંગ કોમ્પિટિશન અને છોડનું વિતરણ કરાયું



જૂનાગઢ તા. ૬

ઉતરતાં ઉનાળાની ગરમીમાં ઘટાદાર વૃક્ષની છાંયા હોય, મંદ મંદ પવનની લહેરો વાતી હોય અને ખિલી ઉઠેલા મનનાં વિચારોને કોઈ કળાની કલમે કંડારાતા હોય, એવા દ્રશ્યો જો દેખાઈ જાય તો આંખોને ઠંડક મળે. હા, આજે પાંચમી જૂન - વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કંઈક આવુ જ જોવા મળ્યુ જૂનાગઢના ઉપરકોટ કિલ્લા ખાતે. વિશ્વ આ વર્ષે, "જમીન પુનઃસ્થાપન, રણીકરણ અને દુષ્કાળ સ્થિતિ સ્થાપકતા" ની થીમ ઉપર આજનો દિવસ ઉજવી રહ્યો છે.

આથી ઉપરકોટ કિલ્લાનું સંચાલન કરી રહેલ સવાણી હેરીટેજ કંઝર્વેશન પ્રા. લી. એ ગુજરાત રાજ્યના પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ તેમજ ગુજરાત પ્રવાસન વિભાગનાં સહયોગથી કિલ્લામાં પોસ્ટર પેઈન્ટીંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ કેટેગરીમાં બાળકોને વહેંચી ત્રણેયમાં પ્રથમ-દ્વિતીય-તૃતીય ક્રમાંકે આવનારને પ્રોત્સાહન ઈનામ અને બધા પાર્ટીસિપેંટને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. આ કોમ્પિટિશનના નિર્ણાયક તરીકે ખાસ જૂનાગઢના અગ્રણી કલાકાર એવા રાજનીકાંતભાઈ અગ્રાવતે હાજરી આપેલ હતી. સવાણી હેરીટેજ કંઝર્વેશન પ્રા.લી. ના જનરલ મેનેજર રાજેશ તોતલાણી અને સમગ્ર સ્ટાફ દ્વારા બધા પાર્ટીસિપેંટને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત આજનાં દિવસે ભૂલાઈ ગયેલ અને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક એવા માટીમાંથી બનાવેલ ચીજ-વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ પણ ઉપરકોટ કિલ્લા ખાતે રાખવામાં આવેલ હતું. જેમાં માટીના વાસણો, કાપડની થેલીઓ, ગાયનાં ગોબરમાંથી બનાવેલ અગરબત્તી, ચંપલ વગેરે સામેલ હતાં. ઉપરકોટ કિલ્લાનાં ઓપરેશન મેન્ટેનન્સ સ્ટાફ દ્વારા અહીં આવનાર પ્રવાસીઓને છોડ આપીને પર્યાવરણની શુભેચ્છાઓ પાઠવી હતી.

# અરણિયાળા ગામે રામ મંદિરમાં સાકર તુલાથી અરવિંદભાઈ લાડાણીનું સ્વાગત કરાયું



( નરેશ પુરોહિત )

મેંદરડા તા.૬

માણાવદર વિધાનસભાની ચૂંટણીમાં જંગી લીડથી વિજેતા બનેલ અરવિંદભાઈ લાડાણીનું અરણિયાળા, સમઢીયાળા અને મેંદરડાની જનતાનાં હોદેદારો, આગેવાનો, કાર્યકરોનો અભિવાદન પ્રવાસ કરેલ હતો. જેમાં પ્રથમ અરણિયાળા ગામમાં આવતા તેમનું રામ મંદિરમાં સાકાર તુલાનો કાર્યક્રમ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રભાતભાઈ બકુત્રાએ કરેલ હતો. આ પ્રસંગે પ્રભારી તથા સાવજ ડેરીના પ્રમુખ દિનેશભાઈ ખટારિયા, તાલુકા પંચાયતના સભ્ય વસંતાબેન તથા ભાજપના અગ્રણી નરેશ પુરોહીત, સમસ્ત ગ્રામજનો અને બહેનોએ ઉપસ્થિત રહી કુમકુમ, ચંદન, ચોખાથી સ્વાગત કર્યુ હતું. તેમજ સમઢીયાળા ગામે જઈને આટલી લીડ આપવા બદલ સરપંચ ચિરાગભાઈ રાજાણી તથા માર્કેટીગ યાર્ડના ચેરમેન વિનુભાઈ રાજાણી, આગેવાનો, કાર્યકરોનો હૃદયથી આભાર માનેલ હતો. ત્યાંથી મેંદરડા ખાતે ચોકમાં ડો .ભિમરાવ આંબેડકરજીની પ્રતિમાને હારતોરા કરી મેંદરડાની જનતાનો, આગેવાનો, કાર્યકર ભાઈ-બહેનોનો આભાર માનતા જણાવ્યું હતું કે મારામાં મુકેલ વિશ્વાસ હું તમારા પ્રશ્નોમાં સાથે રહીને ઉકેલીશ અને તાલુકાનો વિકાસ કરશું. આ પ્રસંગે સરપંચ જે.ડી.ખાવડુ, તાલુકા પંચાયતના પ્રમુખ દિપક મકવાણા, જમનભાઈ શિગાળા, એસ.ટી. બોર્ડના પૂર્વ ડીરેકટર વિનુભાઈ કથિરિયા, દિનેશભાઈ વેકરીયા, ભા.જ.પ પ્રમુખ વિજય પાનસુરિયા, પૂર્વ મહામંત્રી નરેશ પુરોહીત, જગુબાપુ વિગેરે તથા વિશાળ સંખ્યામાં કાર્યકરોએ હાજરી આપી હતી.

# શ્રી ખોડલધામ મંદિર પરિસરમાં બનશે પક્ષીઓનું ઘર ચબૂતરો

## ચબુતરાનું ખાતમુહૂર્ત કરાયું, ૫૫ ફૂટ ઉંચા ચબૂતરામાં ૧ હજાર પક્ષીઓ રહી શકશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૬

શ્રી ખોડલધામ મંદિરમાં મા ખોડલની ભક્તિની સાથે સાથે વિવિધ સેવાકીય કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. ત્યારે શ્રી ખોડલધામ મંદિર પરિસરમાં પક્ષીઓ માટે ચબુતરાનું નિર્માણ કાર્ય કરવામાં આવી રહ્યું છે. ગત દિવસોમાં આ ચબૂતરાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

શ્રી ખોડલધામ મંદિર પરિસરના પાર્કિંગમાં મનોરમ્ય કલર ધરાવતા ૫૫ ફૂટ ઉંચા કબૂતર ઘર એટલે કે ચબૂતરાનું નિર્માણ થશે. આ ચબૂતરામાં આશરે ૧ હજાર જેટલા પક્ષીઓ રહી શકશે. ચબૂતરામાં પક્ષીઓ માટે ચણ અને પાણી સહિતની વ્યવસ્થા કરવામાં આવશે. ચબૂતરાના નિર્માણ પાછળ અંદાજે ૬ લાખ રૂપિયા જેટલો ખર્ચ થશે. ચબૂતરાના નિર્માણનો તમામ ખર્ચ શ્રીરામ કબૂતર ઘર ટ્રસ્ટના પ્રમુખ અને મોરબીના રહેવાસી વાઘજીભાઈ ફુલતરીયા તરફથી ઉઠાવવામાં આવી રહ્યો છે. કબૂતર ઘર (ચબુતરા)ના



ખાતમુહૂર્ત પ્રસંગે શ્રીરામ કબૂતર ઘર ટ્રસ્ટના વાઘજીભાઈ ફુલતરીયા, લાલજીભાઈ ગઢીયા, મીતભાઈ ફુલતરીયા, સાવનભાઈ ફુલતરીયા, હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયા (ખિલોરીવાળા), શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી ગોપાલભાઈ રૂપાપરા ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા સહિત જીલ્લામાં ફાયર સેફટી અંગે તંત્ર દ્વારા વ્યાપક ચેકિંગ

## જુદા જુદા વિસ્તારોમાં હોટેલ તેમજ હોસ્પિટલમાં ચકાસણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા નગરપાલિકા વિસ્તારો હેઠળની ખંભાળિયા, સલાયા, ભાણવડ, ઓખા તથા દ્વારકા અને જામ રાવલ પાલિકા વિસ્તારોમાં આવેલી નાની-મોટી હોટલો, હોસ્પિટલો તેમજ શોપિંગ સેન્ટરો અને નાના મોલ જેવા વિસ્તારોમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા તંત્રની સૂચના તથા રાજ્યના રિજિયોનલ ફાયર અધિકારીના માર્ગદર્શન હેઠળ ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ખંભાળિયા નગરપાલિકાના ચીફ ફાયર ઓફિસર મીતરાજસિંહ પરમાર દ્વારા સર્વેની કામગીરી શરૂ કરાઈ છે. વધુમાં જણાવાયા મુજબ જાહેર સ્થળોએ સર્વે બાદ જરૂર પડ્યે નોટિસ તેમજ ક્ષતિ જણાય તેવા સ્થળોએ સિલીંગ કરવા અને ફરિયાદ નોંધાવવા અંગેની કામગીરી પણ હાથ ધરાનાર હોવાનું જાણવા મળ્યું છે. અહીં કરવામાં આવેલા સર્વે તેમજ ચેકિંગમાં સ્થાનિક નગરપાલિકાઓના ચીફ ઓફિસરનો સ્ટાફ પણ જોડાયો હતો.

# ભવનાથ ખાતે શનિદેવનો જન્મોત્સવ ઉજવાશે

## યજ્ઞ, પૂજા અને મહાપ્રસાદનું આયોજન

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આવેલ શ્રી શનિદેવ ભગવાન અને મા સરસ્વતીજી માતાના મંદિરે તા. ૬ ને ગુરૂવારના રોજ શનિદેવ જન્મોત્સવ ઉજવાશે. મંદિરના મહંત તુલસીનાથબાપુએ જણાવ્યું હતું કે, આવતીકાલે શનિદેવ જન્મોત્સવ નિમિત્તે સવારે ૭.૩૦ કલાકે સમગ્ર જીવસૃષ્ટીના કલ્યાણ અર્થે તેમજ કષ્ટોના નિવારણ માટે મહાયજ્ઞ યોજાશે અને ૯.૩૦ કલાકે ગણપતિ શનિદેવ સ્થાપિત દેવો અગ્નિદેવોનું પૂજન કરાશે અને બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદ અને સાંજે ૬ કલાકે બીડું હોમી આ યજ્ઞની પુર્ણાહુતિ થશે તો શનિદેવના જન્મોત્સવ નિમિત્તે દર્શન, મહાપ્રસાદ અને યજ્ઞનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને મહંત તુલસીનાથબાપુએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે. વધુ વિગત માટે મો.૯૪૨૭૭ ૪૬૯૯૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## આજે ૬ જુન શનિશ્ચરી અમાસ- શનિ જયંતિ

# સોમનાથ શનિદેવ મંદિરે આજે ભક્તિભાવથી ઉજવાશે શનિ જયંતિ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૬

વૈશાખ વદી અમાસ અને શનિ જયંતિ અંગે સોમનાથ-પ્રભાસ પાટણમાં ધર્મસભર કાર્યક્રમો શનિ મંદિરે યોજાયા છે. સોમનાથ-કોડીનાર હાઈવે ઉપર પ્રભાસના ગુરૂકુળ શંખચક્ર પાસે યોજાનાર કાર્યક્રમ અંગે શનિ મંદિરના મહંત હરીનારાયણ ગીરીએ જણાવ્યું હતું કે, સવારે પાંચ વાગ્યે મંગળ આરતી, ૮ વાગ્યે શનિ મંદિરને ધ્વજારોહણ અને બપોરે ૧૨ થી ૩ વિનામૂલ્યે સર્વેને પ્રસાદી અને સાંજે ૭.૧૫ વાગ્યે આરતી-પૂજા અને હવન પ્રારંભ થશે. વહેલી સવારથી મોડી રાત્રી સુધી ભાવિકો-ભકતો શનિ મંદિરે દર્શન કરવા ઉમટશે અને ભાવભેર સમર્પણ કરશે અને શનિવેદ કૃપા આશીર્વાદ મેળવશે.

# લોકસભા ચૂંટણીમાં જેલમાં બંધ બે આરોપી ઉમેદવાર જીત્યા

નવી દિલ્હી, તા.૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો આવી ગયા છે. હવે ફરી નવી સરકાર રચવા માટે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. આ ચૂંટણીમાં કેટલાક કિસ્સાઓ ચોકાવનારા છે. જેમાં જેલમાં બેઠેલા ઉમેદવારો ચૂંટણી લડવી અને જીતવું સામેલ છે. ખાલિસ્તાન સમર્થક નેતા અમૃતપાલસિંહ ઉપરાંત આતંકવાદી ગતિવિધિઓને કારણે પાંચ વર્ષથી તિહારમાં જેલમાં બંધ કાશ્મીરી નેતા અબ્દુલ રશીદ પણ જીત્યો હતો. પરંતુ હવે તેમા વિચિત્ર સ્થિતિ ઉભી થઈ છે, અને આ કિસ્સામાં અનેક સવાલો થઈ રહ્યા છે.

ડિબ્રુગઢ જેલમાં બંધ ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહ પંજાબની ખડૂર સાહિબ બેઠક પરથી ચૂંટણી જીતી હતી, જ્યારે શેખ અબ્દુલ રશીદે અપક્ષ હોવા છતાં બારામુલ્લા (કાશ્મીર) લોકસભા બેઠક પરથી નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાને હરાવ્યા હતા. બંને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે અલગ-અલગ રાજ્યોની જેલમાં બંધ છે. કાયદાકીય રીતે જોઈએ તો ગુનાઓ ખૂબ ગંભીર છે. પરંતુ બંધારણ જેલમાં કેદ લોકોને ચૂંટણી લડવાની પરવાનગી આપે છે, તેથી તે જીતી ગયો. હવે સવાલ એ છે કે આગળ શું થશે?

જેલમાં બંધ ઉમેદવારો વિજેતા બનતા હવે લોકોના મનમાં સવાલ ઉઠ્યા છે કે શપથવિધિ કઈ રીતે લઈ શકશે. જનપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ મુજબ ઓછામાં ઓછી ૧૮ વર્ષની ઉંમર અને સંપુર્ણ માનસિક સ્વાસ્થ્ય ધરાવતો કોઈપણ ભારતીય ચૂંટણી લડી શકે છે. જેલમાં કે કાનૂની કસ્ટડીમાં હોય તેવા કેદીઓ પણ આ શ્રેણીમાં આવે છે, ભલે આરોપો સાબિત ન થયા હોય. એટલા માટે એન્જિનિયર રાશિદ અને અમૃતપાલ સિંહને ચૂંટણી લડવાની પરવાનગી મળી. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ મુજબ દરેક સાંસદો અને ધારાસભ્યોમાંથી લગભગ ત્રીજા ભાગના લોકો ફોજદારી કેસોનો સામનો કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જો સાંસદો અને ધારાસભ્યો કોઈ અપરાધમાં દોષી સાબિત થાય છે, તો તેમણે તાત્કાલિક તેમનું પદ છોડવું પડશે. આ નિર્ણયથી લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૮(૪) વર્ચ્યુઅલને એક રીતે રદ કરવામાં આવી છે. જે દોષિત સાંસદોને તેમની સજા સામે અપીલ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપે છે. અનો મતલબ એ થયો કે, જો એન્જિનિયર રાશિદ અથવા અમૃતપાલસિંહ તેમના આરોપોમાં દોષી સાબિત થાય તો તેઓએ તાત્કાલિક અસરથી લોકસભામાં તેમની બેઠક છોડી દેવી પડે. તેનું સૌથી મોટું કારણ તેમના ગુનાની ગંભીરતા છે.

રશીદ ગેરકાનૂની ગતિવિધિ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ જેલમાં છે. વર્ષ ૨૦૧૯માં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (દ્રેંછ) એ ટેરર ફંડિંગના આરોપમાં રાશિદની ધરપકડ કરી હતી.

દેશના ઈતિહાસમાં તે પહેલા એવા નેતા હતા, જેમના પર આતંકવાદી ગતિવિધિઓનો આરોપ લાગ્યો હતો. એજ રીતે ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ જેલમાં છે. બંને દેશની સુરક્ષાના ભંગ કરવાનો આરોપ છે, જે સાબિત થાય તો તેને મુશ્કેલ બની શકે છે.

જેલમાં બંધ ચૂંટાયેલા પ્રતિનિધિઓને શપથ લેવા માટે સામાન્ય રીતે અસ્થાયી રૂપે જામીન અથવા પેરોલ પર મુક્ત કરવામાં આવે છે. આવા કેટલાય ઉદાહરણો છે. જેમ કે, વર્ષ ૨૦૨૦માં અલ્હાબાદ હાઈકોર્ટે મ્જીઁ નેતા અતુલ રાયને સંસદ સભ્ય તરીકે શપથ લેવા માટે પેરોલ પર છોડવામાં આવ્યો હતો. સપા ધારાસભ્ય નાહિદ હસનને વર્ષ ૨૦૨૨માં યુપીમાં વિધાનસભાના શપથ ગ્રહણ માટે જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. ભૂતકાળના કેટલાક જૂના દાખલા જોઈએ તો, અમૃતપાલ અને રાશિદ બંનેને કામચલાઉ મુક્તિ મળી શકે છે, જેથી તેઓ લોકસભાના સભ્યો તરીકે શપથ લઈ શકે. તો શું કાયદાકીય રીતે સાંસદો અને ધારાસભ્યો આવું કરી શકે છે, આ પ્રશ્ન થોડો પેચીદો છે. આમ તો ઘણા રસ્તાઓ છે, જે દ્વારા ઓનલાઈન મીટિંગ કરી શકાય છે અને નિર્ણયો લઈ શકાય છે. જેલમાં બેઠેલા ધારાસભ્યો અથવા સાંસદો તેમની પાર્ટીના સીનિયર સભ્યો, કાયદાકીય ટીમ અને પરિવારના સભ્યો દ્વારા વિવિધ સમસ્યાઓ સાંભળી અને સમજી શકે છે. પરંતુ- તેઓ સંસદના સત્રમાં ભાગ લઈ શકતા નથી.

આ ઉપરાંત, એવી પણ સમસ્યા થઈ શકે કે છે કે, તેઓ લોકો સાથે સીધો સંવાદ કરી શકતા નથી. અલગ - અલગ જેલોનું મેન્યુઅલ હોય છે, જે નક્કી કરે છે કે એક કેદી કેટલા લોકોને મળી શકે છે. તેનો સમય પણ ફિક્સ હોય છે. નેતાની જરૂરિયાતો પૂરી કરવામાં આ પણ અવરોધ છે. એક મુશ્કેલી એ હશે કે, કેટલાક મુદ્દાઓ સંવેદનશીલ હોય છે, અને જેલમાં રહીને તેનું પાલન કરી શકાતું નથી. એકંદરે, ત્યાં ઘણી પ્રેક્ટિકલ મુશ્કેલી આવી શકે છે.

# જૂનાગઢ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

## જૂનાગઢ આયુર્વેદિક કોલેજ ખાતે આયુર્વેદના વૃક્ષ વહેંચણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

જૂનાગઢ, તા.૬

વિશ્વ પર્યાવરણ દિવસને લઈને જુનાગઢ મ્યુઝિયમ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જુનાગઢ આયુર્વેદિક કોલેજ ખાતે આયુર્વેદના વૃક્ષ વહેંચણીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પર્યાવરણને લઈને લોકોને જાગૃતિ ફેલાવવા માટે લોકો અવનવા કાર્યક્રમ કરતા હોય છે. પરંતુ આજે ચિત્રકારોએ પોતાની અદભુત કળા કંડારી હતી. વિશ્વ પર્યાવરણ દિવસને લઈને જુનાગઢ મ્યુઝિયમ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

અહીં સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓએ ચકલીના માળા ચકલીના ચિત્રો તેમજ વૃક્ષના ચિત્રો ઉપર સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પ્રકારના કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે સંવેદના આપવામાં આવે છે. વૃક્ષો વાવવાનું મહત્વ, તેના વાવેતર પાછળના કારણો, આજના પર્યાવરણમાં કઈ રીતે વૃક્ષોના વાવેતર વધવાથી તાપમાનમાં ફેરફાર સકારાત્મક નોંધાય છે અને આવનારા સમયમાં હવે વૃક્ષો નહીં હોય તો, શું થશે? તે તમામ પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને પોતે આમાંથી શીખ પણ મેળવી હતી. સ્પર્ધામાં આવેલા તમામ વિદ્યાર્થીઓને મ્યુઝિયમના ક્યુરેટર ડો. સેફાલીકા અવસ્થીએ પર્યાવરણ વિશેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જુનાગઢ આયુર્વેદિક કોલેજ ખાતે આયુર્વેદના વૃક્ષ વહેંચણીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં લોકો આયુર્વેદ પ્રત્યે જાગૃત થાય અને ઘરમાં કોઈ પણ પ્રકારનો સામાન્ય રોગ હોય તો આયુર્વેદ પદ્ધતિથી સાજા થઈ શકે તે અનુસાર રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જુનાગઢ આયુર્વેદિક કોલેજ ખાતે અનેક લોકોએ પોતાના ઘરે રોપા લઈ જઈ અને પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી

# ગુજરાતના ૪.૫૯ લાખથી વધુ મતદારોએ દબાવ્યું નોટાનું બટન

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં કુલ ૨.૮૮ કરોડ મત પડ્યા હતા અને તેમાંથી ૪.૫૯ લાખ મતદારોએ 'નન ઓફ ધ અબોવ' (નોટા) ઉપર પસંદગી ઉતારીને તેમની - સમક્ષ ઉપલબ્ધ તમામ ઉમેદવારોના વિકલ્પને જાકારો આપ્યો હતો. 'નોટા' નો સૌથી વધુ ઉપયોગ કરવામાં દાહોદ, છોટા ઉદેપુર, બારડોલી જેવી આદિવાસી બેઠક મોખરે રહ્યાં. ગત ટર્મ કરતા નોટાના ઉપયોગમાં ૧૦ ટકાનો વધારો થયો હોવાનું પણ પરિણામો બાદ સામે આવ્યું. 'નોટા' ને મામલે એસટી બેઠક દાહોદ સતત બીજી લોકસભા ચૂંટણીમાં મોખરે રહ્યું હતું. ૨૦૧૯માં ૩૧,૯૩૬ જ્યારે ૨૦૨૪માં ૩૪,૯૩૫ મતદારોએ 'નોટા' ઉપર પસંદગી ઉતારી હતી. 'નોટા'માં અન્ય એક એસટી બેઠક છોટા ઉદેપુર ૨૯૯૫૫ સાથે બીજા સ્થાને છે. સૌથી વધુ નોટામાં બારડોલી ૨૫૫૪૨ સાથે ત્રીજા, ભરૂચ ૨૩૨૮૩ સાથે ચોથા અને બનાસકાંઠા ૨૨૧૬૦ સાથે પાંચમાં સ્થાને હતું. જામનગરની બેઠકમાંથી સૌથી ઓછા ૧૧ હજાર લોકોએ નોટા ઉપ પસંદગી ઉતારી હતી. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાંથી ૪,૦૦,૯૩૨ દ્વારા નોટા ઉપર પસંદગી ઉતારવામાં આવી હતી.

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૬

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન કેરેજ એન્ડ વેગન ડેપો અને આસપાસના વિસ્તારોમાં ''મિશન લાઈફ'' અંતર્ગત સઘન વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત સીનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર શ્રી અભિષેક કુમાર સિંઘ દ્વારા ડિવિઝનલ રેલવે મેનેજર અને અન્ય મુલાકાતીઓ વચ્ચે **"Land Restroation, Desertification and Drought Resilience"** જે આ વર્ષે પર્યાવરણ દિવસની થીમ છે તેના લોગો વાડી ટોપી નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પછી ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વની કુમાર સહિત ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ પર્યાવરણની જાળવણીના શપથ લીધા હતા અને ત્યારબાદ વૃક્ષારોપણ કર્યું હતું. આ પછી તેમણે રેલવે કર્મચારીઓ દ્વારા આયોજિત પર્યાવરણ જાગૃતિ માર્ચને લીલી ઝંડી દેખાડી. ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વની કુમારે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રેલવે કર્મચારીઓ અને તેમના પરિવાર ના સભ્યો માટે આયોજિત ચિત્રકળા અને નિબંધ સ્પર્ધા જેમાં ૮૫ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તેના વિજેતાઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા. તેમના સંદેશમાં, તેમણે પર્યાવરણ પ્રત્યે લોકોને વધુ જાગૃત થવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને બધાને દર વર્ષે વૃક્ષો વાવવા અને તેની કાળજી લેવા અપીલ કરી હતી. આ પ્રસંગે અધિક ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી કૌશલ કુમાર ચૌબે, વરિષ્ઠ ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર શ્રી અભિષેક કુમાર સિંઘ, વરિષ્ઠ ડિવિઝનલ ઈજનેર (સંકલન) શ્રી ઈન્દ્રજીત સિંહ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે આજે ડીઆરએમ ઓફિસ રાજકોટ ખાતે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન રાજકોટના સભ્યો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું જેમાં પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંસ્થા રાજકોટના પ્રમુખ શ્રીમતી રંજના કુમાર સિંઘ, ઉપપ્રમુખ શ્રીમતી મમતા ચૌબે, સેક્રેટરી વિનીતા આર્ય સહિત અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૬

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ દ્વારા ગત તારીખ ૫ જૂન એટલે 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે 'લોકો માટે, લોકો દ્વારા' થીમ હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની શરૂઆત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૧૯૭૨ માં કરવામાં આવી હતી. આ દિવસને ઉજવવા પાછળનો આશય જનમાનસમાં પર્યાવરણ અંગે જાગૃકતા વધે અને લોકો પર્યાવરણની સુરક્ષા કાર્યમાં સહભાગી બને તેવો છે. રિજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા એક ઈકોફ્રેન્ડલી પ્રોડકટસનું એક્ઝિબિશન રાખવામાં આવેલ હતું. આ એકઝીબીશનમાં મીટ્ટીકુલ કંપની દ્વારા માટીના વિવિધ વાસણો, વાસુ ઈકો ફ્રેન્ડલી કંપની દ્વારા પેપરમાંથી બનાવેલ ડિસ્પોઝેબલ વસ્તુઓ, સંતૃપ્ત આહાર દ્વારા એલ્ગેનું હેલ્થી ફૂડ , વ્હીટસ ઓફ ગ્રીન દ્વારા પ્લાન્ટ બેઝ્ડ મિલ્ક પ્રોડક્ટ્સ , પંચગવ્ય હર્બલ પ્રોડકશન દ્વારા આયુર્વેદિક વસ્તુઓ માથી ધૂપ-દીપ, ૯ઈ વેસ્ટેક કંપની દ્વારા વાંસમાંથી બનાવેલ બ્રશ, દાંતિયા, શો-પીસ જેવા ઉત્પાદનોનું નિર્દશન કરાવવામાં આવ્યું હતું. આ સાથે એક ઓપન સ્ટેજ પર્ફોમન્સ કાર્યક્રમમાં કવિ સંમેલન યોજવામાં આવેલ, જેમાં ડો. સુમિત એમ. વ્યાસ, ઓમ દીપકુમાર, ખુશી દાફડા, ડો. મીના જેઠવા, સોમદીપકુમાર વગેરે લોકોએ પર્યાવરણ ઉપર કવિતા રજુ કરીને મુલાકાતીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમજ ફેન્સી ડ્રેસ શો અને ડાન્સમાં, શુભ રાઠોડ, નૈત્રી મહેતા, મોક્ષા વોરા, વ્યોમ શુક્લા જેવા નાના ભૂલકાઓએ પર્યાવરણને પ્રદર્શિત કરતા ડ્રેસનું નિદર્શન અને ડાન્સ રજુ કરેલ હતો. તેમજ ગાયન સ્પર્ધામાં ઓમદીપ કુમાર, મન આલાપ નિર્મલ, ભરતી ભટ્ટએ પર્યાવરણ ઉપર ગીત ગાઈને લોકોને પર્યાવરણનો સંદેશો આપ્યો હતો. તેસાથે બાળકોની કલ્પનાનું પર્યાવરણનું ચિત્ર પણ દોરવામાં આવ્યું હતું જેમાં ઓમદીપ કુમાર, ખુશી દાફડા, સેજલ કન્જારીયા, સોમદીપકુમાર, પરી પટેલ, અનવી કાપડિયા, જયરાજ ભાનુંસાળી, આરવ કંદપાલ, મોક્ષ વોરાએ ભાગ લઈ રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ દ્વારા વિવિધ કલાઓ થકી લોકો સુધી પર્યાવરણના જતનનો સંદેશ રજુ કર્યો હતો.

આ ઉપરાંત સેન્ટરની મુલાકાતે આવનાર દરેક મુલાકાતીઓને રીજીયોનલ સાયન્સ સેન્ટર ની 'ચાલો વૃક્ષ રોપીએ' પહેલ હેઠળ વૃક્ષોના બીજ વિતરણ કરવામાં આવ્યું હતું તે સાથે મુલાકાતીઓ માટે ફ્લાવર મેકિંગ ફ્રોમ પ્લાસ્ટિક બોટલ એન્ડ બેગ, અને પોટ ઓફ લાઈફ જેવી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવી હતી. આ ઉજવણીમાં આશરે ૧૬૦ જેટલા મુલાકાતીઓ આ કાર્યક્રમના સહભાગી બન્યા હતા.

### હારીજ ગામે પોલીસ કર્મી દ્વારા પત્રકારને મારમાર્યાના બનાવને લઈને

# જૂનાગઢ ખાતે પત્રકાર એકતા સંગઠન દ્વારા પોલીસના દમન વિરૂધ્ધ આવેદનપત્ર પાઠવાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

ગત તારીખ ૧-૬-૨૦૨૪ને શનિવારે હારીજ ખાતે ન્યૂઝ ચેનલમાં પત્રકાર તરીકે કામ કરતા વિનોદ ઠાકરને મારામારીના બનાવની ઘટનાની માહિતી લેવા હારીજ પોલીસ સ્ટેશનને ગયેલ ત્યારે હારીજ પોલીસ સ્ટેશનને ફરજ બજાવતા પોલીસ કર્મી લાખાભાઈ ચેહાભાઈ નાદોદ્રા દ્વારા અહીં આવી માહિતી માટે આવવાનું નહીં, કઈ પત્રકાર સામે માથાકૂટ કરી અને ઢોર માર મારેલ, જેમાં વિનોદ ઠાકરને ગંભીર ઈજાઓ થયેલ અને તેમને સારવાર હેઠળ ખસેડવા ફરજ પડેલ હતી. આ બાબતને લઈને પત્રકાર આલમમાં ઘેરા પ્રત્યાઘાતો પડેલ, અને સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર આ પોલીસના દમન વિરૂદ્ધ આવેદનપત્ર આપવામાં આવ્યા હતા. જૂનાગઢમાં પણ પત્રકાર એકતા સંગઠન દ્વારા સંગઠનના હોદ્દેદારો તેમજ અન્ય સંગઠનના પદાધિકારીઓ દ્વારા એસપીને આવેદન આપવામાં આવેલ અને ગુનેગારોને કડકમાં કડક સજા કરવા આવેદનમાં માંગણી કરેલ હતી. આ આવેદનપત્ર આપતી વેળાએ પત્રકાર એકતા પરિષદ જિલ્લા પ્રમુખ વલ્લભભાઈ પરમાર, પ્રદેશ મહામંત્રી મુકેશભાઈ સખીયા, ઝોન કોઓર્ડીનેટર કમલેશ મહેતા, અશોકભાઈ રેણુકા, ગોપાલભાઈ ભેસાણીયા, વિનેશભાઈ કાગડા, વિનુભાઈ ચંદારાણા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રો. કલાધર આર્યની ફરજ મોકુફી રદ કરી પુનઃ ફરજ ઉપર લેવા યશવંત જનાણીની રાજયપાલ, મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને કુલપતિ સમક્ષ ધારદાર રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના સ્થાપક ટ્રસ્ટી યશવંત જનાણીએ રાષ્ટ્રવાદી શિક્ષણવિદ્ અને સુટાના પ્રમુખ પ્રો. કલાધર આર્યની ફરજ મોકૂફી તાકીદે રદ કરવાની માંગણી કુલપતિ સમક્ષ કરી છે. યશવંત જનાણીએ કુલપતિને રજૂઆત કરતા પત્રમાં જણાવ્યું છે કે, "સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની યુ.જી.સી. એચ.આર.ડી.સી.ના ડીરેકટર અને વિદ્યાર્થી અને અધ્યાપકોનાં પ્રશ્નોના નિરાકરણ માટે આજીવન જાગૃત શિક્ષક એવા પ્રો. કલાધર આર્યને નજીવા કારણોસર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પૂર્વ કાર્યકારી કુલપતિના સમયકાળ દરમ્યાન ફરજ મુક્ત કરવામાં આવેલ. પ્રો. આર્ય વિરૂદ્ધ જે વ્યક્તિએ અરજી કરેલ હતી તે વ્યક્તિનું કોઈ અસ્તિત્વ નથી તેમ છતાં ખોટા નામે અરજી થઈ અને તેમનું સિન્ડિકેટ સભ્યપદ પણ છીનવવામાં આવ્યું અને તેમની સામે વ્યક્તિગત રાગદ્વેષ અને કિન્નાખોરી રાખી ષડયંત્ર રચાયેલ છે, સર્વગ્રાહી રીતે જોતા પ્રો.કલાધર આર્ય નિર્દોષ છે અને એમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એક સન્નિષ્ઠ સ્વયંસેવક તરીકે, શિક્ષણક્ષેત્રે ચાલતી ગેરરીતિઓ સામે અવાજ ઉઠાવેલ છે અને એક રાષ્ટ્રવાદી શિક્ષણવિદને છાજે તેવું સરાહનીય કાર્ય કરેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સત્તા મંડળના સભ્યો વચ્ચે આંતરિક મતભેદ હોઈ શકે, પરંતુ યુનિવર્સિટીના એક કર્મશીલ વ્યક્તિ સામે આ પ્રકારના આકરા પગલાં સૌરાષ્ટ્રના શિક્ષણ જગતના હિતમાં નથી. તેથી તાત્કાલિક અસરથી તેમની ફરજ મોકુફીનો હુકમ રદ કરી તેમને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ તેવી અમારી માંગણી છે. ઉપરોક્ત બાબતે સાનુકૂળ નિર્ણય લઈ હકારાત્મક અભિગમ દર્શાવી આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ છે. પ્રો. કલાધર આર્ય ની સામે નજીવી બાબતે આકરા પગલાં લેવાતાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. આગામી દિવસોમાં આ બાબતે વિવિધ સંગઠનો દ્વારા ઉગ્ર રજૂઆતો કરવામાં આવશે તેમ આધારભૂત સૂત્રોએ જણાવ્યુ છે. સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના સ્થાપક ટ્રસ્ટી અને ચેરમેન યશવંત જનાણીએ પ્રો. કલાધર આર્યની ફરજ મોકૂફી તાકીદે રદ કરવા રાજ્યપાલ, મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલ સમક્ષ પણ રજુઆત કરી છે.

# લાંચ કેસમાં ઊનાના પી.એસ.આઈ. વરૂને જૂનાગઢ જેલ હવાલે કરાયા



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૬

ઊના પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા પી.એસ.આઈ. એચ.કે.વરું નો વચેટિયો વિજય છગન ભાઈ જેઠવા ને ગત તારીખ ૨૯/૦૫ના આણંદ એ.સી.બી. ના પી.આઈ. એમ એલ. રાજપૂત અને તેની ટીમે પંચ સાથે રાખી દીવ ના બાર ના સંચાલક પાસે થી વરુ વતી રુપિયા એક લાખ ની લાંચ લેતા પકડી પાડી અને મોબાઈલ કોલ ડીટેલ કઢાવી અને વરું અને વચેટીયો સાથે ની વાત ચીત સમર્થન મળેલ હતુ વિગત મા પોલીસે થોડા મહિના પહેલા વિદેશી દારૂ નો જથ્થો પકડી પાડેલ હતો અને તેની તપાસ પી.એસ.આઈ. વરું પાસે હોય અને દીવ ના બાર માલિક અને સંચાલક નું નામ ન ખોલવા ફરિયાદીના મિત્ર ને માર ન મારવાના રૂપિયા પાચ લાખ ની માગણી કરી હતી અને રક ઝક બાદ એક લાખ રૂપિયા દીવ ઘોઘલાના સન ચાલક એ રૂપિયા ની લાંચ આપવી ના હોય તેથી લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સમક્ષ કરતા એ.સી.બી. અમદાવાદ ના નિયામક કે. બી.ચુડાસમા ના સુપર વિઝન મા છટકુ ગોઠવેલ અને વચેટીયો ઝડપાઈ ગયો હતો અને એચ.કે.વરું સ્વીચ ઓફ કરી ભૂગર્ભ મા ઉતરી ગયા હતા. પોલીસ ની ભીસ વધતા એચ કે. વરું એ.સી.બી. પોલીસ કચેરી એ હજાર થતાં તેમની ધરપકડ કરી ઊના કોર્ટ મા રજૂ કરતાં ઊના કોર્ટ ના જજે કોર્ટે તેમને જૂનાગઢ જેલ મા મોકલવા હુકમ કર્યો હતો. આમ ઊના ની પોલીસ ફરી એકવાર વિવાદ મા આવી છે.

# રાવલ ખાતે પિતૃઓના મોક્ષાર્થે ભાગવત સપ્તાહ યોજાઈ






(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના રાવલ ખાતે સમસ્ત ગ્રામજનો દ્વારા તાજેતરમાં સમૂહ પિતૃઓના મોક્ષાર્થે ૨૧ પોથી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

જાણીતા શાસ્ત્રી શ્રી રાજુભાઈ ગોર (લહેરુ) ના વ્યાસાસને યોજવામાં આવેલી આ ભાગવત સપ્તાહમાં ૧૮ વર્ણના લોકોએ ઉત્સાહપૂર્વક લાભ લઈ, અને કથા શ્રવણ કર્યું હતું.

આ પ્રસંગે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ પણ ખાસ ઉપસ્થિત રહી, કથામૃતનું રસપાન કર્યું હતું. સાથે સાથે ગ્રુપ દ્વારા ચાલતા ગૌ આશરાની મુલાકાત લઈ, આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી. આ ભાગવત સપ્તાહની આજરોજ ગુરુવારે મંગલ પૂર્ણાહુતિ થઈ હતી.

# ખંભાળિયામાં રવિવારે નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

ખંભાળિયામાં જામનગર હાઈવે પર આવેલી એલ.પી. બદિયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૯ ના રોજ વિના મૂલ્યે નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રવિવારે સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી આંખને લગતા વિવિધ રોગ અંગેની વિના મૂલ્યે તપાસ તથા દવા વિતરણ અને શસ્ત્રક્રિયા કેમ્પમાં વિરનગરના જાણીતા શિવાનંદ મિશન હોસ્પિટલના નિષ્ણાંત તબીબો તથા ટેક્નીશીયનો જરૂરી સેવાઓ આપશે.

અહીં જે દર્દીઓને ઓપરેશનની જરૂરિયાત હોય, તેઓને બસ મારફતે વિરનગર લઈ જઈ, અને આધુનિક પદ્ધતિથી વિના મૂલ્યે ઓપરેશન કરી, નેત્રમણી મૂકી આપવામાં આવશે.

આ સાથે નિદાન કેમ્પમાં અહીંના જાણીતા નિષ્ણાત ડો. નિલેશભાઈ રાયઠઠ્ઠા ઉપસ્થિત રહી, દર્દીઓની તપાસ કરી, દવાઓ આપશે. આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોના લોકોને માનવ સેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદિયાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# દ્વારકા પંથકની સગીરા પર દુષ્કર્મ સબબ રૂપેણ બંદરના શખ્સ સામે ફરિયાદ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

દ્વારકા વિસ્તારમાં રહેતા એક પરિવારની સગીર વયની પુત્રીને રૂપેણબંદર ખાતે રહેતો મયુદ્દીન ભીખુ સમા નામના શખ્સે રાત્રિના સમયે ફોન કરીને સ્કૂલના ભાગે બોલાવી અને તેણીને સોડા જેવો પદાર્થ પીવડાવ્યો હતો. આ સોડામાં આરોપી મયુદ્દીન દ્વારા કોઈ પદાર્થ નાખી દેતા સગીરા બેભાન અવસ્થામાં આવી ગઈ હતી અને આરોપી દ્વારા તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હોવાની ફરિયાદ સગીરાના પરિવારજન દ્વારા દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસે આઈ.પી.સી. કલમ ૩૭૬, ૩૨૮ તથા પોક્સો એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# દ્વારકામાં હોમગાર્ડ યુનિટ દ્વારા વૃક્ષારોપણ કરાયું



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

વિશ્વ પર્યાવરણ દિવ્ય નિમિત્તો દ્વારકા હોમગાર્ડ યુનિટના ઉપક્રમે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત દ્વારકામાં આવેલી એન.ડી.એચ. હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં વૃક્ષારોપણ કરાયું હતું. જેમાં હોમગાર્ડના ડિસ્ટ્રિક્ટ કમાન્ડન્ટ સંદીપભાઈ ખેતિયાના હસ્તે વિવિધ પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

આ આયોજન દ્વારકાના ઓફિસર કમાન્ડિંગ ચેતન પરમાર તેમજ અન્ય હોમગાર્ડ જવાનો દ્વારા કરાયું હતું.

# ખંભાળિયામાં રવિવારે રઘુવંશી જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણ કાર્યક્રમ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

ખંભાળિયાની જાણીતી રઘુવંશી સેવા સંસ્થા લોહાણા મિત્ર મંડળના ઉપક્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ રઘુવંશી જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે રાહત દરે ફૂલસ્કેપ (ચોપડા) વિતરણ કાર્યક્રમનું આયોજન આગામી રવિવાર તારીખ ૯ મી ના રોજ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જ્ઞાતિના વિદ્યાર્થીઓને સહાયભૂત થવાના આશયથી અત્રે બેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે રવિવારે સવારે ૧૦ થી ૧ તેમજ સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા આપવામાં આવશે. જેનો લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ છેલ્લી માર્કશીટની નકલ અવશ્ય સાથે રાખવા લોહાણા મિત્ર મંડળની એક યાદીમાં જણાવાયું છે.

# કંગના રનૌતે સીએમ યોગીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી

મુંબઈ, તા.૬

કંગના રનૌત લોકસભા ચૂંટણી ૨૦૨૪માં પોતાની જીતની ઉજવણી કરી રહી છે. કંગના હિમાચલ પ્રદેશના મંડીથી બીજેપીની ઉમેદવાર હતી. તેમણે કોંગ્રેસના ઉમેદવાર વિક્રમાદિત્ય સિંહને જંગી અંતરથી હરાવીને મંડી બેઠક જીતી હતી. કંગના રનૌત પહેલીવાર ચૂંટણી મેદાનમાં ઉતરી હતી. આવી સ્થિતિમાં તેની જીત ચાહકો માટે પ્રેરણારૂપ બની છે. તેના ઘરે અને તેના ચાહકોમાં સેલિબ્રેશન ચાલી રહ્યું છે.

દરમ્યાન, અભિનેત્રીએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે.

કંગનાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સીએમ યોગી આદિત્યનાથ સાથેનો પોતાનો ફોટો શેર કર્યો છે. બંનેના ચહેરા પર સ્મિત છે. આ ફોટો સાથેના કેપ્શનમાં કંગના રનૌતે લખ્યું, 'આપણા દેશના સૌથી આદરણીય અને પ્રિય મુખ્યમંત્રીને જન્મદિવસની શુભેચ્છા.' લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો ૪ જૂને જાહેર થયા હતા. હિમાચલ પ્રદેશના મંડીમાં કંગના રનૌતને ૫૩૭૦૨૨ મત મળ્યા છે.

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ
ફોન: ૦૨૮૫-૨૬૨૨૧૬૭/૨૬૨૨૧૭૬ ફેક્સ ૦૨૮૫-૨૬૫૭૬૯૫
www.pgvcl.com. & http://guj-epd.gov.in

નિવિદા-૨૮૪/૨૦૨૪

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ હેઠળ આવતી વિભાગીય કચેરીઓનાં જુદા-જુદા કામો, માલસામાન ખરીદી માટે સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી ભાવો મંગાવવામાં આવે છે. ઉપરોકત વિગત પી.જી.વી.સી.એલ.ની વેબસાઈટ www.pgvcl.com અને ઓનલાઈન ટેન્ડર www.nprocure.com ઉપરથી મળી શકશે તથા વિભાગીય કચેરીનાં નોટીસ બોર્ડ ઉપરથી મળી શકશે.

ટોલ ફ્રી નં.૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ અને ૧૯૧૨૨
ઉર્જા બચાવો, પોતાના તથા રાષ્ટ્રનાં હિત માટે

અધિક્ષક ઈજનેર (સં.નિ.)
જૂનાગઢ

# જૂનાગઢના યુવાનનું અપહરણ કરી મારમાર્યાના કેસમાં ગોંડલના ધારાસભ્યના પુત્રને હાજર કરાયો : મોડી રાતે જૂનાગઢ લવાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ જીલ્લા અનુસુચિત જાતિના પ્રમુખ રાજુભાઈ સોલંકીનાં પુત્ર અને એનએસયુઆઈનાં પ્રમુખ સંજય સોલંકીનું અપહરણ કરીને નગ્ન કરી વિડીયો ઉતારી હત્યા કરવાની કોશિષ કરવાના ગુનામાં છેલ્લા પાંચ દિવસથી ફરાર એવા ગોંડલના ભૂતપૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને વર્તમાન ધારાસભ્ય ગીતાબા જાડેજાના પુત્ર ગણેશ જાડેજાનો મોડી રાત્રે ગોંડલ પોલીસ પાસેથી એલસીબીએ કબ્જો લઈને ક્રાઈમ બ્રાંચની કચેરીએ લાવવામાં આવ્યો હતો. ગત તા.૩૦ મેના રોજ રાત્રીના કાળવા ચોકમાં કાર વ્યવસ્થિત ચલાવવા મામલે ટકોર કરનાર સંજય સોલંકીનું મોડી રાત્રે ગણેશ સહિતના ૧૧ શખ્સો દ્વારા મારમારીને કારમાં અપહરણ કરી માફી મંગાવીને વિડીયો ઉતાર્યો હોવાનો બનાવ સામે આવ્યાના બીજા દિવસે સવારે ગણેશ સહિતના ૧૧ શખ્સો સામે હત્યાની કોશિષ, આમર્સ એકટ, એટ્રોસિટી સહિતની કલમો અન્વયે ગુનો નોંધવામાં આવ્યો હતો. જેના બીજા દિવસે તા.૧ જુનના રોજ સમગ્ર દલીત સમાજ દ્વારા જૂનાગઢ કલેકટર અને એસપીને આવેદનપત્ર આપીને ગુરૂવાર સુધીનું અલ્ટીમેટમ આપ્યું હતું અન્યથા ગણેશ નહી પકડાય તો ગુરૂવારે રાજુભાઈ સોલંકી પોતાના પરિવાર સાથે સામુહિક આત્મવિલોપન કરશે તેવી ચિમકી પણ આપવામાં આવી હતી. તેના બે દિવસ પછી પોલીસે સંજય સોલંકીનું અપહરણ કરનાર જસદણના અતુલ પ્રેમસાગર કિશનલાલ કઠેરીયા, ફેજલ ઉર્ફે પાવલી હુસેન પરમાર અને ઈકબાલ હારૂન ઈસ્માઈલ ગોગદા નામના ત્રણ શખ્સોની બ્રેઝા કાર સાથે ધરપકડ કરીને બે દિવસના રિમાન્ડ મેળવ્યા બાદ તેને જેલ હવાલે કરી દેવામાં આવ્યા હતા. આ કેસની તપાસ એસસી એસટી સેલના ડીવાયએસપી જે.કે. ઝાલા ચલાવી રહ્યા હતા તેમની તપાસ દરમ્યાન સંજયનું અપહરણ કરનાર મુખ્ય ત્રણ આરોપી જસદણના શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા પરંતુ અચાનક આગળની તપાસ ચાલે તે પહેલા કોઈ કારણસર ડીવાયએસપી ઝાલા રજા ઉપર જતા આ કેસની તપાસ જૂનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલીયાને સોંપવામાં આવી હતી અને ગણેશ સહિતના આરોપીઓને પકડીને જૂનાગઢ પોલીસે મોડી રાત્રે ક્રાઈમ બ્રાંચે લાવી હતી. તો બીજી તરફ જૂનાગઢમાં દલીત સમાજનું મોટું આંદોલન થનાર હતું અને તેમાં આગામી રણનીતિ પણ નક્કી કરવામાં આવનાર હતી. શહેરના કાળવા ચોકમાં સવારે ૧૦ કલાકે સમગ્ર દલીત સમાજના આગેવાનો એકત્ર થનાર હતા અને ગોંડલમાં દલીત સંમેલનની તારીખ પણ નક્કી કરવામાં આવનાર હતી. આ અંગે જૂનાગઢ જીલ્લા અનુસુચિત જાતિના પ્રમુખ રાજુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, અમારા દ્વારા પોલીસને ગુરૂવાર સુધીનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું તે પૂર્વે ગણેશને હાજર કરાયો છે અને અમારી માંગણી છે કે આરોપીના જેમ બને તેમ વધુને વધુ રિમાન્ડ મંજુર કરવામાં આવે અને આ કેસ ઝડપી ચલાવીને ન્યાય આપવામાં આવે તેવી માંગ છે.

# વંથલીના ધંધુસર ગામે બે બહેનો ઉપર એસીડ એટેક : પતિ-દિયર સહિત પાંચ વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

વંથલી તાલુકાના ધંધુસર ગામની સીમમાં બગીચાની ઓરડીમાં સુતેલી બે સગ્ગી બહેનો ઉપર એક બહેનના પતિ અને દિયર સહિતના પાંચ શખ્સોએ મોઢા અને શરીરે એસિડ એટેક કરતા બંને બહેનોને ગંભીર હાલતમાં સારવાર માટે જૂનાગઢ ખસેડવામાં આવી છે. જૂનાગઢના મગનભાઈ જાલાની દીકરી સેજલના ૧૩ વર્ષ પહેલા માણાવદરના નાથાભાઈ કરશનભાઈ મકવાણાના દીકરા અમિત સાથે જ્ઞાતિના રીતિરિવાજ મુજબ લગ્ન કરવામાં આવ્યા હતા. લગ્ન જીવનમાં તેઓને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. ત્યારે છેલ્લા દોઢેક મહિનાથી સેજલને તેનો પતિ અમિત ખોટી શંકાઓ કરીને મારકુટ કરતો હતો. પતિએ ટ્રક માટે લોન લીધી હતી. જેમાં તેણીના જેઠએ જામીન થવાની ના પાડી દેતા તેની વિરૂધ્ધ પતિએ સેજલને ખોટો કેસ કરવા દબાણ કર્યુ હતું. પરંતુ પત્ની સેજલે ખોટી ફરિયાદ કરવાની ના પાડી દીધી હતી. જેથી દોઢેક મહિનાથી પત્ની ઉપર ખોટી શંકાઓ કરીને તેણીને ત્રાસ આપતો હતો અને તેણીના હાથ-પગ ભાંગી નાખ્યા હતા. જેથી સેજલને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ અને પતિ સામે તેણીએ માણાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. જે ફરિયાદનો ખાર રાખીને હુમલો કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે. હોસ્પિટલમાંથી રજા મળતા સેજલ પિતાએ ધંધુસર ગામે ધીરૂભાઈ ઉકાભાઈ મેરની વાડીએ બગીચો રાખ્યો હતો ત્યાં સાથે રહેવા જતી રહી હતી અને ભેંસાણમાં રહેતી સેજલની બહેન હેતલ સંજયભાઈ સોલંકી (ઉ.વ.૩૫) તેની ખબર કાઢવા આવી હતી. ત્યારે સેજલ તેની બહેન હેતલ, પિતા મગનભાઈ, માતા સરોવજબેન, ભાઈ સુજલ સહિતના છ વ્યકિત વાડીની આરોડીમાં સુતા હતા. ત્યારે મધરાતે ત્રણેક વાગ્યાના અરસામાં સેજલનો પતિ અમિત મકવાણા, તેણીનો દિયર કિસન મકવાણા અને ત્રણ અજાણ્યા શખ્સો આવી ચડયા હતા અને ઓરડીનો બહારથી દરવાજો બંધ કરી દીધો અને બારીમાંથી અમિતે એસિડ ફેંકતા સેજલના મોઢા ઉપર, છાતીમાં, હાથ ઉપર પડતા તેને બળતરા થવા લાગતા તે જાગી ગયેલી, જોયું તો તેનો પતિ, દિયર સહિતના શખ્સો બારી બહાર ઉભા હતા. પતિએ બીજી વખત એસીડ ફેંકતા સેજલની બહેન હેતલ ઉપર પણ એસિડ પડયું હતું.

આમ બંને બહેનો એસિડ એટેકના ભોગ બનતા બંનેને ગંભીર હાલતમાં સારવાર માટે જૂનાગઢ સિવીલ હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરવામાં આવી છે.

# જૂનાગઢ શહેરના ૧૫ વોર્ડમાંથી ૧૨માં ભાજપને અને ૩માં કોંગ્રસને લીડ


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર યોજાયેલી ચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે. જોકે, આ વિજયમાં જૂનાગઢ શહેરના મતદારોનો પણ અહમ હિસ્સો રહ્યો છે. શહેરના કુલ ૧૫ વોર્ડ છે. આ ૧૫ વોર્ડમાંથી ૧૨ વોર્ડમાં ભાજપને લીડ મળી છે. જ્યારે માત્ર ૩ જ વોર્ડમાં કોંગ્રેસને લીડ મળી છે. આમ, ભાજપના ગઢ ગણાતા જૂનાગઢમાં ભાજપની હેટ્રીક થઈ છે.જૂનાગઢ શહેરના ૧૫ વોર્ડમાં થયેલ મતદાન ઉપર નજર કરીએ તો કુલ ૨,૬૦,૧૫૭ મતદારો હતા. તેમાંથી ૧,૪૨,૨૭૧ લોકોએ એટલે કે માત્ર ૫૪.૬૮ ટકા લોકોએ જ મતદાન કર્યું છે. આ ૧,૪૨,૨૭૧માંથી ૧,૩૮,૭૬૬ મતો માત્ર ભાજપ અને કોંગ્રેસ એમ બે જ મુખ્ય પાર્ટીના ઉમેદવારોને મળ્યા છે. બાકીના મત અન્ય ૯ પાર્ટીને ગયા છે, નોટામાં ગયા છે, રિજેક્ટ થયા છે. દરમ્યાન આ ૧,૪૨,૨૭૧માંથી ૮૮,૪૮૨ મત એટલે કે કુલ મતદાનના ૬૨ ટકા મતો ભાજપને મળ્યા છે. જ્યારે કોંગ્રેસને ૫૦,૨૮૪ મત એટલે કે કુલ મતદાનના માત્ર ૩૫.૩૪ ટકા જ મતો મળ્યા છે. એજ રીતે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કુલ ૩૧,૫૪૦ મતદારોમાંથી ૧૬,૬૧૨એ એટલે કે માત્ર ૫૨ ટકા લોકોએ જ મતદાન કર્યું હતું. આ ૧૬,૬૧૨માંથી ભાજપ કોંગ્રેસને માત્ર બે જ પાર્ટીને ૧૫,૯૯૫ મત મળ્યા છે. બાકીના મત અન્ય ૯ પાર્ટીને ગયા છે, રિજેક્ટ થયા છે, કે નોટામાં ગયા છે. એમાં પણ કુલ મતદાનના ૫૮.૪૫ ટકા મત ભાજપને અને ૩૭.૮૪ ટકા મત કોંગ્રેસને મળ્યા છે. પરિણામે શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભાજપને ૩,૪૨૩ મતોની લીડ મળી હતી. આમ,શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વધુ મત મળવાના કારણે ભાજપનો જંગી બહુમતિ સાથે ૧,૩૫,૪૯૪ મતોની લીડથી વિજય થયો છે.

# જૂનાગઢ નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બે યુવાનોનાં મોત : ૪ ઘાયલ







જૂનાગઢ તા. ૬

જૂનાગઢ નજીક સોનારડી ગામ પાસે આવેલ પુલ પર ટુવ્હીલ અને ફોરવ્હીલ વચ્ચે અકસ્માત સર્જાતા ફોરવ્હીલમાં રહેલા બે વ્યકિતનાં મોત નિપજયા હતાં તેમજ ૪ વ્યકિત ઘાયલ થયા હતાં. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢ નજીક સોનારડી ગામ પાસે આવેલ પુલ પર ટુવ્હીલ અને ફોરવ્હીલ વચ્ચે અકસ્માત સર્જાતા ગમગીની ફેલાઈ જવા પામી હતી. આ અકસ્માતથી નજીકનાં સોનારડી ગામનાં લોકો તેમજ રોડ ઉપર નીકળતા લોકો દોડી ગયા હતાં. અને ઘાયલોને સારવાર માટે ખસેડવામાં મદદ કરી હતી.

આ અકસ્માતમાં ફોરવ્હીલમાં રહેલા નવાજ હારૂનભાઈ સુમરા (ઉ.વ. ૧૯) રહે. ખામધ્રોળ ચોકડી, કેમરીન સોસાયટી, જૂનાગઢ અને હિરેન રાજેશભાઈ વાણવી (ઉ.વ. ૧૯) રહે. આંબેડકરનગર બિલખા રોડ જૂનાગઢનાં મૃત્યું નિપજયા હતાં. જયારે અમીત રમેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૩) રહે. ધરાનગર, આરતીબેન હિતેશભાઈ કેસુર (ઉ.વ. ૧૯) રહે. સત્યમ એપાર્ટમેન્ટ જૂનાગઢ, લક્ષ્મીબેન વિષ્ણુદાસ દેસાણી રહે. સત્યમ એપાર્ટમેન્ટ જૂનાગઢને ઈજા થતાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે. તેમજ ટુવ્હીલમાં જઈ રહેલ વિજય જમનભાઈ સિધ્ધપુરા (ઉ.વ. ૩૩) રહે. ડુંગરપુર, ભરત ધીરજલાલ સિધ્ધપુરા (ઉ.વ. ૪૨) સીદતર તાલુકો જામજોધપુર અને રાકેશ કાંતિભાઈ સિધ્ધપુરા (ઉ.વ. ૩૨) રાણપુર તાલુકો ભેંસાણને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પીટલમાં દાખલ કરેલ છે. આ અકસ્માતમાં બે યુવાનોનાં મોતથી પરીવારમાં શોકનું મોજુ ફર્યુ છે. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ : પીઆઈ તરલ ભટ્ટે ૩૦ દિવસના જામીન માંગ્યા : કોર્ટે અરજી ફગાવી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૬

જુગાર ડ્રાઈવના મેસેજનો આધાર લઈને બેંક ખાતા ફ્રીઝ કર્યા બાદ અનફ્રીઝ કરવા માટે તોડ કરવાના ગુનામાં જેલ હવાલે થયેલા સસ્પેન્ડેડ પીઆઈ તરલ ભટ્ટે ૩૦ દિવસના વચગાળાના જામીન માટે અરજી કરી હતી. અરજીમાં એવી દલીલ કરી હતી કે, પોતાના પુત્રને ધો.૧૧-૧૨ સાયન્સમાં એડમિશન લેવાનું હોઈ તેની આર્થિક વ્યવસ્થા કરવા માટે, સાસુને ૨ વર્ષથી હૃદયની બિમારી હોઈ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલુ છે પણ રાહત નથી તેમજ પોતાના સસરાને આંખની બિમારી અને ડાયાબિટીસ છે તેઓની જવાબદારી પોતાના ઉપર છે. આ કારણોસર પોતાને ૩૦ દિવસના વચગાળાના જામીન આપવામાં આવે. આની સામે જિલ્લા સરકારી વકીલ નિરવ પુરોહિતે એવી દલીલ કરી હતી કે, આરોપીએ પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી ભ્રષ્ટાચારનો ગંભીર ગુનો કર્યો છે. તેણે અગાઉ કરેલી અરજીઓ નામંજૂર થઈ છે. આથી કોર્ટે નોંધ્યું હતું કે, અરજીમાં જણાવેલ કારણ સંતોષકારક જણાતું નથી. આથી ઈન્ચાર્જ મુખ્ય સેશન્સ જજ બીના સી. ઠક્કરે તેની જામીન અરજી ફગાવી દીધી હતી.

# જૂનાગઢ મનપાની પ્લાસ્ટિક ડ્રાઈવ, ૮ કિલો પ્લાસ્ટિક ઝડપાયું ૧૮ વેપારીઓ પાસેથી રૂા. ૧૪,૭૦૦નો દંડ વસુલ્યો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૬

જૂનાગઢમાં ૧૨૦ માઈક્રોનથી નીચેની જાડાઈ વાળા પ્લાસ્ટિકના ઝભલા વાપરવા ઉપર મહાનગરપાલિકા દ્વારા પ્રતિબંધ મૂકાયો છે. તેમ છતાં અનેક વેપારીઓ પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઝભલાનો વપરાશ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. જેને પગલે કમિશ્નર ડો. ઓમ પ્રકાશની સૂચના અને ડીએમસી એ.એસ. ઝાપડાના માર્ગદર્શનમાં શહેરના ૧ થી ૧૫ વોર્ડમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. સુપરવાઈઝર મનીષ દોશી, ધર્મેશ ચુડાસમા અને ભરત ગૌસ્વામી તેમજ વોર્ડ નંબર ૧ થી ૧૫ના એસઆઈની ટીમ દ્વારા કરાયેલા ચેકીંગ હાથ ધરાયું હતું. ચેકીંગ દરમ્યાન ૧૮ જેટલા વેપારીઓ પાસેથી ૮ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપાતા તપાસનીશ ટીમે ૧૪,૭૦૦નો દંડ વસુલ કર્યો છે. પ્લાસ્ટીક બાબતે જૂનાગઢ શહેરમાં હજુ પણ ચેકીંગની કાર્યવાહી કરવામાં આવશે.

# જૂનાગઢમાં ગરમ તેલનું બકડિયું પડતા દાઝી જવાથી યુવાનનું મોત

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેરના પ્રદીપ સીનેમા પાસે મેઘમાયા નગરમાં રહેતા યુવાન પર ગરમ તેલનું બકડીયું પડતા દાજી જવાથી મોત નિપજયાનું એ ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતિ વિગતો અનુસાર જૂનાગઢમાં પ્રદિપ સિનેમા પાસે આવેલ મેઘમાયા નગરમાં રહેતા રમેશભાઈ ભોજાભાઈ પરમાર ઉ. વ. ૨૬ નામનો યુવાન પોતાના ઘરે તેલમાં પકોડા બનાવતો હતો ત્યારે અચાનક તેના પર ગરમ તેલનું બકડિયું પડતા રમેશનું શરીરે દાઝી જવાથી મળત્યુ નીપજ્યું હતું. આ અંગે એ ડિવિઝન પોલીસે આગળની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ભેસાણના ઉમરાળી ગામેથી ૮ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

ભેસાણ તાલુકાના ઉમરાળી ગામે રહેતા મનસુખભાઈ મેઘજીભાઈ ધરાજીયાના રહેણાંક મકાનમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને મકાનની ઓસરીમાંથી રૂપીયા ૮૦૦ની કિંમતના વિદેશી દારૂની નાની ૮ બોટલ કબ્જે કરી હતી અને મનસુખને ઝડપી લઈ તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરી દારૂનો જથ્થો કયાંથી મેળવ્યો તે અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# શ્રી ભુતનાથ મહાદેવ મંદીર જૂનાગઢ ખાતે વિધાર્થીઓને વાર્ષિક પ્રવેશ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

શ્રી ભુતનાથ મહાદેવ વિધાપીઠ એજયુકેશન ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી મહંત મહેશગીરીજીની એક અખબાર યાદી જણાવે છે કે, જૂનાગઢ શહેરનાં મધ્યમાં બિરાજતાં જૂનાગઢના નાથ ભુતનાથ મહાદેવ મંદીર અતિ પ્રાચીન અને ઐતિહાસીક મંદીર આવેલું છે. મંદીર ટ્રસ્ટ વર્ષ દરમ્યાન અનેક સાંસ્કૃતિક, ધાર્મિક તથા આધ્યાત્મીક કાર્યક્રમોનું આયોજન કરે છે. ૨૦૨૪-૨૫ નાં શૈક્ષણિક વર્ષ દરમ્યાન જે કોઈ જૂનાગઢ જીલ્લામાં વસવાટ કરતાં સનાતન ધર્મમાં શ્રધ્ધા ધરાવતાં વિધાર્થીઓને શૈક્ષણિક વર્ષ દરમ્યાન ભુતનાથ મંદીર જૂનાગઢ ખાતે વિધાર્થીઓને સંસ્કૃત, ભાગવત પઠન તથા કર્મકાંડ શીખવાડવામાં આવશે. આવનારા વિધાર્થીઓને ભુતનાથ મહાદેવ મંદીર ખાતે નિઃશુલ્ક નિવાસ તથા ભોજનની વ્યવસ્થા શ્રી ભુતનાથ મહાદેવ વિધાપીઠ એજયુકેશન ટ્રસ્ટ તરફથી કરવામાં આવશે. જોડાવવા ઈચ્છતાં વિધાર્થીઓએ સત્વરે ભુતનાથ મંદીર, જૂનાગઢ ખાતેથી પ્રવેશ ફોર્મ મેળવી લેવું. વહેલા તે પહેલાનાં ધોરણે વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

# માણાવદર પોલીસે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે શખ્સોને દબોચી લીધા

(ક્રાઈમ રીપોર્ટર)

માણાવદર તા.૬

માણાવદરમાં પોલીસે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ૨ શખ્સ ૧૦,૭૦૦ સાથે ઝડપી લઈ જૂનાગઢના શખ્સ સહિત અન્ય ઈસમોની શોધખોળ હાથ ધરી છે.

આ અંગે માણાવદર પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ માણાવદર મેઈન બજારમાં ક્રિકેટ મેચ પર વેબસાઈટ દ્વારા જાહેરમાં થતો રમાતો હોવાની બાતમી મળતા પોલીસે દોડી જઈને માણાવદર તાલુકાના વેડવા ગામના વિજય કરશનભાઈ ડાંગર અને મૂડ માણાવદર નો અને હાલ ગોંડલ રહેતો અશેષ વિઠ્ઠલભાઈ કાનાણીને ઝડપી લઈ તેની પાસેથી બે મોબાઈલ ફોન અને રૂપિયા ૭૦૦ની રોકડ મળી કુલ રૂપિયા ૧૦,૭૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. પૂછપરછમાં આ ઈસમોએ જૂનાગઢના અમિત પટેલનું નામ આપતા પોલીસે તેના વિરુદ્ધ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કેશોદ : ગેસ એજન્સીનાં બે ડીલીવરીમેન ૪૪ સીલીન્ડર લઈ ફરાર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૬

કેશોદનાં ગુણાતીતનગરમાં રહેતા અને ગેસ એજન્સી ધરાવતા વિર ધવલભાઈ સુરેન્દ્રસિંહ રાયજાદાએ ગેસ સીલીન્ડરની ડીલીવરી માટે રાજસ્થાનનાં રામસ્વરૂપ ફરસાભાઈ રામ અને સુખદેવ ભજનારામ ગોદારાને રાખ્યા હતાં. ગત તા. ૨૮ મેનાં રોજ વીર ધવલભાઈએ આ બંનેને ૪૪ ગેસ સીલીન્ડર મેંદરડા તાલુકાઓમાં ડીલીવરી કરવા માટે મોકલ્યા હતાં. ત્યારબાદ બંનેનો ફોન બંધ થઈ જતાં તપાસ કરતા ૩૦ મેનાં રોજ જીપ સિધ્ધપુર પાટણ નજીક ખાલી મળી આવેલ હતી. પોલીસે આ બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

# મેંદરડાના માનપુર ગામે ફરિયાદનો ખાર રાખી સામસામો હુમલો : ત્રણને ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

મેંદરડા તાલુકાના માનપુર ગામે ફરિયાદનો ખાર રાખી સામસામો હુમલો થતા ૩ વ્યકિતાનો ઈજા થઈ હતી. માનપુર ગામે રહેતા ભાયાભાઈ ઉર્ફે ભાવેશભાઈ કરસનભાઈ કટારીયાના મોટાભાઈ રમેશભાઈએ ગામના નાથાભાઈ હરિભાઈ સોંરદવા સામે અગાઉ ફરિયાદ કરી હતી. જેનો ખાર રાખી નાથાભાઈ તેમાં તેના ભાઈ પંકજે રમેશભાઈની બાઈક અને ધીરૂભાઈની પાઈપલાઈનનો નુકસાન પહોંચાડી ભાયાભાઈ તેમજ તેમની ભત્રીજી શીતલને માર મારી જાનથી પતાવી દેવાની ધમકી આપી હતી.

સામા પક્ષો નાથાભાઈ હરિભાઈ સોંદરવાએ રમેશભાઈ સામે કરેલી ફરિયાદમાં તેમનો સમાધાન કરવાનું કહી ભાયાભાઈ કટારીયા, કલ્પેશ ધીરૂભાઈ, વિનાયક ધીરૂભાઈ તેમજ ચેતન રમેશભાઈએ પ્લાસ્ટીકના પાઈપ તથા લાકડી વડે નાથભાઈને માર મારી ઈજા પહોંચાડી હતી. આ મારામારી અંગે સામસામી ફરિયાદ કરવામાં આવતા પોલીસો કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

